3BGD2

# ડેવિડ બ્રેઈનર્ડ

(અમેરિકાના રેડ ઈન્ડિયનોનો પ્રેરિત)

લેખક :

રેવ. એસ. ડી. પરમાર

67.
3RGD2

# ડેવિડ બ્રેઈનર્ડ

## (અમેરિકાના રેડ ઈન્ડિયનોનો પ્રેરિત)

લેખક :
રેવ. એસ. ડી. પરમાર

૨૦૦૩

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# ડેવિડ બ્રેઈનર્ડ

## (અમેરિકાના રેડ ઈન્ડિયનોનો પ્રેરિત)

લેખક : રેવ. એસ. ડી. પરમાર


પ્રથમ આવૃતિ : ડિસેમ્બર ૧૯૯૩
દ્વિતીય આવૃતિ : ડિસેમ્બર ૨૦૦૩
પ્રત : ૧૦૦૦
મૂલ્ય : રૂા. ૨૦-૦૦

મુદ્રક :
**નોએલ પ્રિન્ટર્સ**
જમાલપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૮૦૬ ૭૨ ૩૬

પ્રકાશક :
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવા સદન,
એલિસબ્રીજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૬૫૪ ૫૨૯૧



## શ્રી. ઈરવીનભાઈ સોમચંદભાઈ પરીખ

જન્મ તારીખ : ૧-૧૧-૧૯૩૨

મરણ તારીખ : ૧-૧૮-૨૦૦૩ (U.S.A.)

શ્રીમતી એલીસબહેન ઈરવીનભાઈ પરીખ તરફથી
સ્વ. શ્રી. ઈરવીનભાઈ એસ. પરીખની
પ્રેમભરી યાદમાં રૂા.૫૦૦૦/=
પુસ્તક પ્રકાશન માટે મળેલ છે.

આભાર.

સેક્રેટરી

# પ્રકાશકના બે બોલ...

૧૮,૧૯ અને ૨૦મી સદી મિશનરી ચળવળ માટે ખૂબ મહત્વ ધરાવે છે. આ સમયોમાં વિશ્વમાં મિશનેરી કાર્ય જુદા જુદા ભાગોમાં શરૂ થયું અને તેનો વિકાસ થતો ગયો. જોકે પ્રશ્નો અને અવરોધો પણ આવ્યા.

૧૮મી સદીમાં એવુંજ એકપાત્ર સેવાના સંદર્ભમાં પ્રભુએ પૂરુ પાડયું જેમનું નામ ડેવિડ બ્રેઈનર્ડ હતું. બાળપણથી શરીરનો બાંધો નાજૂક (નબળો) હતો. પરંતુ પ્રભુએ ડેવિડને તેની મહાન સેવાને માટે પસંદ કર્યા. ડેવિડ પોતાની યુવાનીથી (યુવાનીની શરૂઆતથી) પ્રાર્થનાવાદી વ્યક્તિ રહ્યા હતા. શારીરિક મર્યાદાઓની વચ્ચે પ્રભુપર પ્રેમ કરતા, પ્રભુને જીવન સમર્પિત કરીને સેવાને માટે ચાલી નિકળ્યા. રેડ ઈન્ડિયનો મધ્યે ભારે મુશ્કેલી વેઠીને સેવા કરી. રહેવાની મુશ્કેલી, ભાષાની મુશ્કેલી, વગેરે મુશ્કેલીઓ વચ્ચે પણ પ્રાર્થનામાં લાગુ રહીને દેવની સુવાર્તાના પ્રસારને સારુ લાગુ રહ્યા. જંગલમાં મૂર્તિપૂજા કરનારા લોકો વચ્ચે બહારની દુનિયાથી અલગ પડીને પોતાના સુવાર્તા પ્રસારના-ખ્રિસ્તની ઓળખ કરાવવાના હેતૂમાં પ્રાર્થના સહિત લાગુ રહ્યા. જો કે આ સમયો દરમિયાન અનેક મુશ્કેલીઓ-જેવીકે માંદગી, વેદનાના સમયો પણ આવ્યા.

આ બધાની વચ્ચે ૧૭૪૫ની સાલ રેડ ઈન્ડિયનો માટે મહાન જાગૃતિની સાલ હતી. ઘણી રાહ જોયા પછી, ઘણી પ્રાર્થનાઓ કર્યા પછી અને ઘણો પરીશ્રમ કર્યા પછી મહાન જાગૃતિની શરૂઆત થઈ. પરિણામ મળતાં ડેવિડ બ્રેઈનર્ડ આભારસ્તુતિ સાથે પ્રભુના ચરણોમાં જતા. ૨૮વર્ષની ઉમંરે ડેવિડ બ્રેઈનર્ડે પોતાના જીવનનું પુનઃ સ્વાર્પણ કરીયું. પોતાની સેવામાં

અંત સુધી વિશ્વાસુ રહ્યાં.

સાચે જ તેઓને અમેરિકાના રેડ ઈન્ડિયનોના પ્રેરિત કહેવામાં આવ્યા.

આવું અદ્ભૂત પુસ્તક-પ્રેરણા આપનાર અને ઉત્તેજન સાથે પડકાર આપનાર, પ્રભુના સેવક રેવ. એસ. ડી. પરમાર સાહેબે લખીને ગુજરાતી ખ્રિસ્તી સમાજની એક ઉત્તમ સેવા કરી છે. તેઓ આજે આપણી મધ્યે નથી છતાં તેઓએ કરેલી સાહિત્યની મહાન સેવા અને તેમાં ડેવિડ બ્રેઈનર્ડના પુસ્તકની આપેલી ભેટ માટે ગુજરાતી ખ્રિસ્તી સમાજ હંમેશા તેઓનો ઋણી રહેશે. તેઓની સાહિત્યની સેવાની જાણકારી કવર પેજ પર આપેલ છે.

બીજી આવૃતિ પ્રસંગે આ પુસ્તકને તમારા હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું. મારી આશા તથા પ્રાર્થના છે કે આ પુસ્તક તેના વાચકોને ડેવિડ બ્રેઈનર્ડ જેવા સમર્પિત, પ્રાર્થનાવાદી અને મિશનેરી કાર્ય માટે જીવનને દોરનાર- ઉત્તેજન અને પડકાર આપનાર બની રહેશે.

આ પુસ્તકના પ્રકાશન પેટે નીચેના દાતા મિત્રો તરફથી દાન મળેલ છે આભાર.

(૧) **સ્ટેલાબહેન અને જશવંતભાઈ ક્રિશ્ચિયન** તરફથી
રૂા. ૨૦૦૦/=

(૨) **શાંતાબહેન એસ. પરમાર (U.S.A.)** તરફથી
રૂા. ૨૫૬૦/=

**સાહિત્ય સેવાસદન** — પ્રેમભાવથી

એલીસબ્રીજ અમદાવાદ-૩૮૦૦૦૬. — **રેવ. હેમંતકુમાર જે. પરમાર**

ડિસેમ્બર ૨૦૦૩ — સેક્રેટરી

# લેખકના બે બોલ

ડેવિડ બ્રેઈનર્ડના જીવનકાર્ય દ્વારા વિલિયમ કેરીને અને હેનરી માર્ટીનને પરદેશમાં જઈને સુવાર્તા પ્રગટ કરવાની પ્રેરણા મળી. ડેવિડ બ્રેઈનર્ડ માત્ર ૨૯ વર્ષની વયે મૃત્યુ પામ્યો, પરંતુ પોતાના ટૂંકા આયુષ્ય દરમિયાન તેણે જે સિદ્ધિ મેળવી તે ઘણી જ નોંધપાત્ર છે.

હેનરી માર્ટિન ૩૦ વર્ષની વયે મૃત્યુ પામ્યો. એક ખ્રિસ્તી યુવાન પોતાનો અનુભવ જણાવતાં કહે છે કે હેનરી માર્ટિનનું જીવનવૃત્તાંત વાંચતાં વાંચતાં હું ત્રણ વાર રડયો અને તે બોલી ઊઠયો, "મેં મારાં ત્રીસ વર્ષ વેડફી નાખ્યાં છે." તે પછી તે ધર્મસેવામાં જોડાયો.

ડેવિડ બ્રેઈનર્ડનું જીવન આપણે સારુ પડકારરૂપ છે.

અનેક ખ્રિસ્તી પ્રવૃત્તિઓમાં રોકાયેલા હોવા છતાં પ્રોફેસર રવિકાન્ત કાન્ત સાહેબે સદરહુ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી તે માટે તેઓશ્રીનો હું ઋણી છું.

ડેવિડ બ્રેઈનર્ડના જીવન અંગે જરૂરી સાહિત્ય મેળવી આપવામાં શ્રી. એમ. એમ. દાસે તથા શ્રી. ઈસુદાસ ત્રાજકરે જે સહાય આપી તે માટે તેઓનો તથા આ કાર્યમાં અન્ય રીતે મદદ કરનાર ઉર્મિલાબહેન જોનભાઈ અને રેખાબહેન જે. ફ્રેન્કનો આભાર માનું છું.

સદરહુ પુસ્તક તૈયાર કરવામાં નીચે દર્શાવેલા સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(1) David Brainerd-
Apostle to the North American Indians.
By JESSE PAGE

(2) David Brainerd (His Message for Today)
Compiled and Edited by OSWALD J. SMITH

(3) David Brianerd's Personal Testimony By
WALTER SEARLE

માન, મહિમા, સ્તુતિ અને ગૌરવ એકલા ઈશ્વરને જ હોજો !

૩૦ મી જુલાઈ, ૧૯૯૩. | સેવક
આઈ. પી. મિશન | એસ.ડી. પરમાર
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પ્રાર્થનાવાદી વિદ્યાર્થી | ૧ |
| ૨. | ધર્મસેવા માટે તૈયારી | ૫ |
| ૩. | રેડ ઈન્ડિયનો મધ્યે | ૧૦ |
| ૪. | નિર્ગત છતાં આગેકૂચ | ૧૩ |
| ૫. | દુભાષિયાનું પરિવર્તન | ૧૭ |
| ૬. | મહાન જાગૃતિ | ૨૧ |
| ૭. | પ્રકાશ પથરાતો જાય છે | ૨૫ |
| ૮. | આભારસ્તુતિ | ૨૯ |
| ૯. | પુનઃસ્વાર્પણ | ૩૧ |
| ૧૦. | દિવસ પૂરો થવા આવે છે | ૩૩ |
| ૧૧. | પ્રયાણકાળ | ૩૭ |
| ૧૨. | થોડાં છતાં આશીર્વાદિત વર્ષો (એક સાક્ષી) | ૪૦ |

# ૧. પ્રાર્થનાવાદી વિદ્યાર્થી

અમેરિકાના હાર્ટફોર્ડ પરગણાના હેડમ નગરમાં ઇ. સ. ૧૭૧૮ના એપ્રિલની ૨૦મી તારીખે ડેવિડ બ્રેઇનર્ડનો જન્મ એક ધાર્મિક કુટુંબમાં થયો હતો. તેના માબાપને પાંચ દીકરા અને ચાર દીકરીઓ હતાં. દીકરાઓમાં ડેવિડનો નંબર ત્રીજો હતો.

ડેવિડ નવ વર્ષનો હતો ત્યારે તેના પિતા હિઝકિયા બ્રેઇનર્ડ મરણ પામ્યા.

હેનરી માર્ટિનની માફક ડેવિડ બ્રેઇનર્ડ પણ નાનપણથી જ શરીરે નાજુક બાંધાનો હતો, અને ભવિષ્યમાં તે ક્ષય રોગનો ભોગ થઇ પડે એવો ઘણો સંભવ હતો.

તે પોતાની ડાયરીમાં લખે છે કે હું બાળપણથી નરમ સ્વભાવનો અને દુઃખિયારો હતો. હું સાત-આઠ વર્ષનો થયો ત્યાં સુધી મને પાપનું કંઇ ભાન નહોતું. પણ તે પછી મને મારા આત્માની ચિંતા થયા કરતી અને મને મરણ અંગેના વિચારો ગભરાવતા હતા. આથી હું ધાર્મિક ફરજો બજાવવા લાગ્યો. તેણે બાલ્યાવસ્થામાં જ પ્રાર્થના કરવાની ટેવ પાડી હતી અને તેથી ગુપ્ત પ્રાર્થનારૂપી કસરત તો તે હરહંમેશ કર્યા કરતો.

ઇ. સ. ૧૭૩૨ના માર્ચ મહિનામાં તેની મા અવસાન પામી. આથી તે ઘણા ખેદમાં આવી પડયો અને જો કે વારંવાર પ્રાર્થનામાં લાગુ રહ્યો હતો તો પણ તેનો ધાર્મિક ભાવ કમતી થતો હતો. તે કહે છે કે હું તેર વરસનો થયો ત્યાં સુધી મને એમ લાગ્યા કરતું હતું કે દુનિયામાં હું ઈશ્વર વિના જીવી રહ્યો છું.

તે ઓગણીસ વર્ષની ઉંમરનો હતો ત્યારે સને ૧૭૩૭ના એપ્રિલના અંત ભાગમાં ડરહામ ગયો અને વીસ વર્ષનો થયો ત્યાં સુધી તેણે પોતાની ખેતી સંભાળી.

તે પછી તેણે અભ્યાસ કરવામાં પોતાનું ચિત્ત લગાડયું. હવે તે ધાર્મિક

ફરજો અદા કરવામાં ઘણો ગુંથાયેલો રહેતો અને તે શિસ્તબદ્ધ અને સંયમી જીવન જીવતો હતો. તે પોતાનાં વિચાર, વાણી અને કૃત્યોમાં ઘણી સાવચેતી રાખતો હતો, કેમ કે તે એમ માનતો હતો કે જો મારે ધર્મસેવામાં જોડાવું હોય, તો મારે નમ્ર બનવું જોઇએ.

ઇ. સ. ૧૭૩૮ના એપ્રિલ માસમાં બ્રેઇનર્ડ હેડમના ધર્મસેવક રેવ. ફિસ્કેના ત્યાં રહેવા ગયો. તે સારો માણસ હતો. રેવ. ફિસ્કેની સલાહથી તેણે જુવાનિયાઓનો સંગ છોડી દીધો અને ઠરેલ તથા પ્રૌઢ માણસોની સંગતમાં તે રહેવા લાગ્યો. હવે તે ઈશ્વરનાં વચનોનો અભ્યાસ કરવામાં તથા અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓમાં વધારે રસ લેતો થયો. એક વર્ષ કરતાં ઓછા સમયમાં તેણે બે વાર બાઇબલ વાંચી નાખ્યું. રેવ. ફિસ્કેની દોરવણી હેઠળ તેનું આત્મિક જીવન વધુ દૃઢ બન્યું. સુવાર્તાના ઉપદેશ પ્રત્યે તેણે ઘણું જ ધ્યાન આપ્યું અને આત્મપરીક્ષા માટે તેમ જ ગુપ્ત પ્રાર્થના માટે મળતી દરેક પળનો તે ઉપયોગ કરતો હતો. ઈશ્વર પ્રત્યેની તેની આસ્થાને કારણે દર રવિવારે સાંજે તે ભાવિક યુવકોને એકત્ર કરીને તેમની સાથે ભક્તિસભા કરતો અને ઈશ્વરને મહિમા આપતો.

રેવ. ફિસ્કેના મૃત્યુ બાદ ડેવિડ બ્રેઇનર્ડ પોતાના ભાઇની સાથે સાથે અભ્યાસમાં ચાલુ રહ્યો. તેણે હજી પણ પોતાની ધાર્મિક ફરજો બજાવવાનું કામ ચાલુ જ રાખ્યું, તેમ છતાં તેને પોતાને જીવનમાં સંતોષ જણાતો નહોતો. વળી, ધાર્મિક બાબતો પ્રત્યે તેના પ્રોફેસરો ઘણા બેદરકાર જણાતા હતા, તેથી તેને મનદુઃખ થયા કરતું હતું.

ઇ. સ. ૧૭૩૮ના નવેમ્બરના એક રવિવારે સવારમાં પોતાની ફરજો બજાવવા તે ચાલતો ચાલતો જતો હતો ત્યારે ઈશ્વરના કોપ અને તેના જોખમ વિષે તેને એકાએક વિચાર આવ્યો. તે ભય અને અચંબા સાથે ઊભો જ રહી ગયો. અત્યાર સુધીનાં પોતાનાં સુકૃત્યો દ્વારા જે આનંદ તેને મળતો હતો તે જાણે કે તે જ સમયે ખતમ થઇ ગયો હોય તેમ તેને લાગ્યું. તે પોતાની ડાયરીમાં જણાવે છે કે એક રાત્રે જ્યારે હું એકલો-અટૂલો બહાર ફરતો હતો ત્યારે મને

મારા પાપનું ખરેખરું ભાન થયું અને ધરતી ફાટીને મને ગળી જશે તથા મારા આત્માને તરત નરકમાં મોકલી દેશે અને હું ઘેર પાછો જઇ શકીશ નહિ એવું લાગ્યું.

ઇ. સ. ૧૭૩૯ના ફેબ્રુઆરી મહિનામાં એક આખો દિવસ બ્રેઇનર્ડે ઉપવાસ અને પ્રાર્થના માટે રાખ્યો. તે દિવસે તેણે પ્રાર્થનાના સતત પોકાર સાથે ઈશ્વર પાસે દયાની માગણી કરી કે જેથી કરીને પાપની દુષ્ટતા સમજવા અને ઈસુ ખ્રિસ્ત દ્વારા તારણ મળે છે તે સમજવા તેની આંખો ઉઘાડવામાં આવે. તેમ છતાં તે હજી પણ પોતાનાં સુકૃત્યો પર વધારે આધાર રાખતો હતો.

આવી મનોસ્થિતિમાં તે પોતાના દિવસો ગુજારી રહ્યો હતો ત્યારે આખરે તેને ખાતરીનો ખરો પ્રકાશ પ્રાપ્ત થયો, અને બ્રેઇનર્ડ પ્રથમ વાર જ અકથ્ય આનંદથી ભરપૂર થયો. આ પ્રસંગ તેને માટે લગભગ એક સંદર્શન જેવો હતો, કારણ કે પ્રભુએ પોતાની હાજરીનું ગૌરવભર્યું પ્રકટીકરણ તેની આગળ કર્યું હતું. તે આ દિવસની ખાસ કાળજીપૂર્વક નોંધ લે છે કે તે ૧૭૩૯ની ૧૨મી તારીખના રવિવારની સાંજ હતી.

પોતાની રીત પ્રમાણે બ્રેઇનર્ડ ઈશ્વરની સાથે સંગત મેળવવા માણસોથી દૂર એકાંતમાં ગયો હતો તે વખતે એક અનેરો બનાવ બન્યો અને તે તો તેના બદલાણનો પ્રસંગ હતો.

તે એકાંતમાં હતો ત્યારે તેને એવું ભાન થયું કે હું ખોવાઇ ગયો છું. તેના જણાવ્યાનુસાર, આ સમયે લગભગ અરધા કલાક સુધી પ્રાર્થના કરવાનો મેં પ્રયાસ કર્યો પણ તેમાં મારું ચિત્ત ચોંટયું જ નહિ.

ત્યાર પછી જ્યારે હું એક ગીચ અને અંધારી ઝાડીમાં ચાલવા લાગ્યો ત્યારે અગાઉ કદી પામ્યો ન હોઉં તેવું ઈશ્વર સંબંધી આંતરિક નવીન દૃષ્ટિબિંદુ મને પ્રાપ્ત થયું. ત્યારે મારા આત્માને - મારી દૃષ્ટિ આગળ એક અવાચ્ય ગૌરવ દૃશ્યમાન થવા લાગ્યું. હવે કોઇ પણ પ્રકારનો બાહ્ય પ્રકાશ મને દેખાયો એમ કહેવાનો મારો ભાવાર્થ નથી, કેમ કે મેં એવું કંઈ પણ જોયું નહોતું.

પરંતુ એ તો ઈશ્વર સંબંધીની મારી આંતરિક સમજ તથા દર્શન હતાં. આ સમજ અને દર્શન પહેલાં કદી પણ મારા મનમાં ઉપસ્થિત થયાં નહોતાં. હું તો શાંત થઇ ઊભો જ રહ્યો. મને અજાયબ લગ્યું અને હું હર્ષિત થયો. આવી અનુપમ શ્રેષ્ઠતા અને સુંદરતા મેં કદી નિહાળી નહોતી.

ઈશ્વર વિષે અને દિવ્ય વાનાં અંગે મેં મારા મન સાથે જે જે ખ્યાલો બાંધ્યા હતા  તે આ દર્શનથી બિલકુલ જુદા જ લાગ્યા.

ત્રિએકપણાની એકેએક વ્યક્તિની મને ચોક્કસ સમજ નહોતી, પણ આ વેળા મને તે એક ઈશ્વરી ગૌરવ જેવું દેખાતું હતું. આવા ઈશ્વરને, આવા તેજોમય દૈવી અસ્તિત્વને જોઇને મારા આત્મામાં અવર્ણનીય આનંદ થયો.

ઈશ્વરની શ્રેષ્ઠતા, સુંદરતા, મહાનતા અને સંપૂર્ણતાઓ વડે મારો આત્મા એટલો બધો પ્રભાવિત અને આનંદિત થઇ ગયો કે જાણે કે હું ઇશ્વરમાં મગ્ન થઇ ગયો હોઉં એમ મને લાગ્યું. આ સમયે મારી સમક્ષ તારણનો માર્ગ ખોલવામાં આવ્યો.

અંધારું થાય ત્યાં સુધી આ આંતરિક આનંદ અને શાંતિની સ્થિતિમાં હું ચાલુ રહ્યો. ત્યાર પછી જે બધું મેં નિહાળ્યું હતું તે સંબંધી હું વિચાર કરવા તથા તપાસ કરવા લાગ્યો અને પરિણામે આખી રાત મને મારા મનમાં ઘણો જ સંતોષ જણાયો. હું જાણે કે કોઇ નવી દુનિયામાં હોઉં એમ મને લાગ્યું અને મારી આસપાસની તમામ બાબતો મને જુદી જ દેખાવા લાગી.

# ૨. ધર્મસેવા માટે તૈયારી

સપ્ટેમ્બરમાં બ્રેઈનર્ડ ન્યુ હેવનની યેલ કૉલેજમાં દાખલ થયો. જુવાનવર્ગનાં પરીક્ષણો મધ્યે તે પોતાનું ખ્રિસ્તી જીવન ટકાવી રાખી શકશે કે કેમ તેની તેના મનમાં ઘણી ધાસ્તી રહેતી હતી.

ત્યાર બાદ તે લખે છે કે ઈશ્વરે મારા પર ઘણી કૃપા કરી અને હું નિયમિત પ્રાર્થના કરવામાં તથા આત્મપરીક્ષા કરવામાં મારો સમય આપી શકયો. ઈશ્વરે મારા હૃદયને પ્રકાશિત કર્યું અને દૈવી આનંદથી મારા આત્માને અવર્ણનીય તાજગી પ્રાપ્ત થઈ. ઈશ્વરનાં વચનો દ્વારા મને રોજરોજ સામર્થ્ય મળતું રહ્યું.

કૉલેજમાં દાખલ થયાંને હજી છ માસ પણ થયા નહોતા એવામાં વિદ્યાર્થીઓમાં ઓરીનો વાવડ શરૂ થઇ ગયો. આથી ૧૭૪૦ના જાન્યુઆરીમાં બ્રેઈનર્ડને પોતાને ઘેર હેડમ જવું પડયું કેમ કે તે પણ બીમાર થઇ ગયો હતો. તેની બીમારીએ ગંભીર રૂપ ધારણ કર્યું એટલે સુધી કે તેના મિત્રોએ તેને માટે આશા છોડી દીધી. પરંતુ તેનો સમય હજી આવ્યો નહોતો, કારણ કે ઈશ્વર તેની મારફતે પોતાનું કામ કરાવવા માગતો હતો. બ્રેઈનર્ડ મરણની નજીક જઇ પહોંચ્યો હતો, છતાં તેને મૃત્યુની બીક લાગતી નહોતી; તેથી ઊલટું, તેની માંદગીની પથારી તેને માટે ઈશ્વરની કૃપા વિષે મનન કરવાના સાધનરૂપી બની હતી.

માંદગીમાંથી સાજાપણું પામ્યા પછી બ્રેઈનર્ડ કૉલેજમાં હાજર થઇ ગયો અને ખંતથી અભ્યાસ કરવા મંડી પડયો. અભ્યાસની પાછળ અતિશય પરિશ્રમ કરવાને કારણે તેનામાં ઘણી નબળાઇ આવી ગઇ અને તેના મોંમાંથી લોહી પડવા લાગ્યું. આથી તેના ટયુટરે તેને અભ્યાસ બંધ કરવાની સલાહ આપી અને તેને આરામ માટે ઑગસ્ટમાં ઘેર જવું પડયું.

તે પછી નવેમ્બરની છઠ્ઠી તારીખે તે કૉલેજમાં હાજર થયો. તેણે પોતાનું પ્રાર્થનામય જીવન શરૂ કરી દીધું. તે એમ જણાવે છે કે કોઇ પણ બાબત મને

ઈશ્વરના પ્રેમથી અલગ ન કરે તે માટે ઈશ્વર મને મદદ તથા સામર્થ્ય આપતો રહ્યો. તે ભારપૂર્વક જણાવે છે કે ઈશ્વર-સંગતમાં ગાળેલો એક કલાક તે દુનિયામાં તમામ સુખચેન કરતાં વધારે છે.

તે પોતે શિસ્તપાલન કરતો અને બીજાંઓને માટે પ્રાર્થના કરવામાં રાતોની રાતો ગાળતો. આ કારણથી તેનામાં નબળાઇ આવી ગઇ હતી અને તે શરીરે ફિક્કો પડી ગયો હતો. તેમ છતાં તેના સાથી વિદ્યાર્થીબંધુઓ માટે તેના મનમાં ઘણો બોજ રહ્યા કરતો હતો. ઈશ્વરના મહિમાને અર્થે તેઓ મધ્યે કામ કરવાની તેનામાં ઘણી ઉત્કંઠા હતી. તેઓના આત્માઓ માટે તેનામાં જવલંત ધગશ હતી. આથી તેણે તેમને માટે પ્રાર્થનાસભાઓ રાખવા માંડી.

આ યોજનાને કારણે વિદ્યાર્થીઓમાં તેમ જ કૉલેજના સામાન્ય વાતાવરણમાં જાગૃતિ જણાવા લાગી. જાગૃતિનો જુવાળ શરૂ થઇ ગયો હતો એવામાં એક ખેદજનક બનાવ બન્યો. એક વાર પ્રાર્થનાસભા પૂરી થયા બાદ કેટલાએક વિદ્યાર્થીઓ ચર્ચા કરવા રોકાયા હતા તે વખતે એક જણે બ્રેઇનર્ડને એક અધ્યાપકના વલણ સંબંધી પ્રશ્ન પૂછયો, ત્યારે બ્રેઇનર્ડે તરત જ પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે તેમને માત્ર ખુરશીમાં જ રસ છે. આ વાત થોડા જ સમયમાં કૉલેજના અધિકારીવર્ગ પાસે પહોંચી ગઇ અને તેમણે બ્રેઇનર્ડને કૉલેજમાંથી બરતરફ કરવાનો ઠરાવ કર્યો. તેના ગુનાના પ્રમાણમાં આ તો અતિ ભારે શિક્ષા કહેવાય ! વળી, આ સમયે બ્રેઇનર્ડ કૉલેજના ત્રીજા વર્ષમાં હતો, અને ટૂંક સમયમાં કૉલેજનો વાર્ષિક જાહેર સમારંભ થવાનો હતો અને વિદ્યાર્થીઓમાં તેને પ્રથમ નંબરનું માન પ્રાપ્ત થવાનું હતું. આ સમયે બ્રેઇનર્ડને કેટલું ભારે દુઃખ લાગ્યું હશે !

અધિકારીવર્ગ પોતાનો ઠરાવ પાછો ખેંચી લે તો બ્રેઇનર્ડ પોતાની ભૂલની નમ્રભાવે માફી માગવા તૈયાર છે એમ અનેક વાર જણાવ્યા છતાં એ સંબંધી કંઇ જ કરવામાં આવ્યું નહિ.

ત્યાર બાદ ૧૭૪૨ના એપ્રિલથી બ્રેઇનર્ડ રિપ્ટનના ભાવિક ધર્મસેવક રેવ. મિલ્સ સાથે રહીને ઈશ્વરવિદ્યાનો અભ્યાસ કરે છે, તે સમયે તે પોતાની

ડાયરીમાં એક અર્થપૂર્ણ નોંધ કરે છે - "પ્રાર્થના કરવામાં મને માધુર્ય લાગવા માંડયું અને ખ્રિસ્તની ખાતર ભારેમાં ભારે યાતના ખુશીથી ભોગવવાનું હું વિચારી શકયો. વિધર્મી લોકોમાં જઈને તેમણે તેમને તારણનો સંદેશો પહોંચાડવા માટે મારે મારા વતનમાંથી દેશનિકાલ ભોગવવો પડે અને અનેક પ્રકારનાં દુઃખો વેઠવાં પડે તો તે માટે પણ હું તૈયાર છું."

તા. ૧૯મીનો દિવસ તેણે પ્રાર્થના અને ઉપવાસ માટે અલગ કર્યો. તે જણાવે છે કે ઈશ્વરની દૈવી હાજરી દિવસભર મારી સાથે રહે માટે સવારમાં મેં પ્રાર્થના કરવાનું શરૂ કર્યું અને બપોર પહેલાં બિચારા વિદેશી - મૂર્તિપૂજક લોકોને પ્રકાશ મળે તથા તેમનાં બદલાણ થાય તે માટે તેમના કીમતી આત્માઓ માટે મધ્યસ્થી કરવા મને સામર્થ્ય મળ્યું.

બપોર પછી સાથે જ ઈશ્વર મારી સાથે હતા. ખરેખર તે તો ધન્ય સંગત હતી ! પ્રભુએ મને એવા કષ્ટસહિત પ્રાર્થના કરવા શક્તિમાન કર્યો કે જો કે હું છાંયડામાં બેઠો હતો અને ઠંડો પવન વાતો હતો, છતાં પણ હું પરસેવાથી ખાસ્સો પલળી ગયો હતો. સંખ્યાબંધ આત્માઓને માટે પ્રાર્થના કરવા મારો આત્મા આ જગતમાંથી ઘણે અંશે ઊંચકી લેવાયો હતો.

મારા વહાલા તારનારની સંગતથી મને ખૂબ મીઠાશનો અનુભવ થયો. મને લાગે છે કે મારા જીવનમાં આ દુનિયાથી મને આટલું અલિપ્તપણું કદી લાગ્યું નહોતું, અને બધી બાબતમાં ઈશ્વરને આટલો સોંપાઇ ગયેલો કદી લાગ્યો નહોતો. હું હંમેશા મારા ધન્ય પ્રભુને માટે તેનામાં જીવું તો કેવું સારું !

૧૭૪૨ના એપ્રિલની ૨૦મી તારીખે બ્રેઇનર્ડનો જન્મદિન હતો ત્યારે તેના ઉદ્દગાર આ હતા - "આજે હું ચોવીસ વર્ષનો થયો છું. ભૂતકાળમાં મને ઈશ્વરની કેટલી બધી કૃપા પ્રાપ્ત થઇ છે ! આવનાર સમયમાં પ્રભુ તેના મહિમાને માટે જીવવા મને વધારે મદદ કરો. ઈશ્વરને માટે જીવન જીવવા અને પૂરેપૂરો તેને અર્પાઈ જવા મેં ભાગ્યે જ કદી આટલી હદે ઝંખના રાખી

હતી. ઈશ્વરના મહિમાને માટે મારું જીવન તેની સેવામાં ખરચી નાખવાને મારી ઇચ્છા થઇ ગઇ."

પ્રભુનો દિવસ, એપ્રિલ ૨૫ - આજે સવારે મેં ખાનગી ફરજોમાં લગભગ બે કલાક ગાળ્યા અને અમર આત્માઓને માટે સામાન્ય રીતે થાય તે કરતાં વધારે વેદના સાથે પ્રાર્થના કરવા પ્રભુએ મને શક્તિમાન કર્યો ત્યારે જો કે એ વહેલી સવારનો સમય હતો અને સૂર્ય હજી ઊગ્યો નહોતો, છતાં હું પરસેવાથી પલળી ગયો હતો. હમણાં હમણાં મારા આત્મામાં દેવના હલવાનની નમ્રતા અને સ્વસ્થતાને માટે આજીજી કરવા સારું મને ભારે બોજ રહેતો હતો.

બ્રેઇનર્ડનું આખું જીવન તે પ્રાર્થનામય જીવન હતું. તે અહોનિશ પ્રાર્થના કર્યા કરતો હતો. ગીચ જંગલોમાં થઇને જતાં એકાંતમાં ઘોડા પર બેઠો બેઠો તે પ્રાર્થના કરતો હતો. તેના ઘાસના બિછાના પર પડયો પડયો તે પ્રાર્થના કરતો હતો. પરોઢિયે અને મોડી રાત્રે કાલાવાલા સાથે તે ઇશ્વરની સંગતમાં રહેતો અને પોતાના આત્માને ઇશ્વર આગળ રેડી દેતો.

તે કહેતો - "ધન્ય ઈસુ, હું રોજ તને વધુ અને વધુ સોંપાતો જાઉં એવું કર. મારા જીવનની એકએક પળ હું ઈશ્વરના મહિમાને અર્થે ખર્ચી શકું તો કેવું સારું !"

બ્રેઇનર્ડ પોતાના જીવનની નાની-મોટી દરેક બાબતને પવિત્ર બનાવવા ઇચ્છા રાખતો હતો. તેના આખા જીવનની એકેએક બાબતને તે ઇશ્વરને સમર્પિત કરવા માગતો હતો એ માટે કે તેને સોંપાયેલ દરેક પળ અને તાલંતોનો પોતાના આકાશમાંના બાપના હેતુ અને ઇચ્છા મુજબ વહીવટ થાય.

તે વર્ષના નવેમ્બરની ૧૫મી તારીખે કોઇએક સંદેશિયાએ બ્રેઇનર્ડને એક પત્ર આપ્યો. આ પત્ર તો ન્યૂયોર્કના એક જાણીતા ધર્મસેવક રેવ. પેમ્બરટન તરફથી મોકલાયેલો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે રેડ ઇન્ડિયનોને સુવાર્તાનો સંદેશો પહોંચાડવા અંગે વિચારણા કરવા એક ખાસ સભા

બોલાવવામાં આવી છે અને તેમાં ભાગ લેવા બ્રેઈનર્ડ જલદીથી આવે તેને વિનંતી કરવામાં આવી હતી.

બ્રેઈનર્ડે તરત જ પોતાના બે-ત્રણ ખ્રિસ્તી મિત્રોને બોલાવ્યા અને તેમની સમક્ષ આ પત્ર વાંચી સંભળાવ્યો. વળી, તેઓ આ સંબંધી દોરવણી મેળવવા ઈશ્વરની પ્રાર્થના કરે એવી બ્રેઈનર્ડે તેઓને વિનંતી કરી.

તે પછી આવેલા કહેણને માન્ય રાખીને બ્રેઈનર્ડ ઘોડા પર સવાર થઈને ન્યૂયોર્ક જવા ચાલી નીકળ્યો. જે માણસોને તેને તેડાવ્યો હતો તેમની સમક્ષ બ્રેઈનર્ડ હાજર થયો. તેઓએ બ્રેઈનર્ડ સાથે વાતચીત કરી અને તેથી તેમને ઘણો જ સંતોષ થયો. રેડ ઇન્ડિયનો મધ્યે ઈશ્વરને માટે કામ કરવા બ્રેઈનર્ડનું તેડું થયેલું છે એવી તેમને ખાતરી થવાથી તેઓએ તે કામ કરવા માટે બ્રેઈનર્ડની પસંદગી કરી..

# ૩. રેડ ઇન્ડિયનો મધ્યે

ઇ. સ. ૧૭૪૩ના આરંભમાં બ્રેઇનર્ડ ઈશ્વરમાં પૂરો વિશ્વાસ રાખીને પોતાના નવા સાહસભર્યા કાર્યક્ષેત્ર તરફ જવા ચાલી નીકળે છે. તેને પોતાને શું શું સહન કરવું પડશે તે વિષે તેણે પૂરેપૂરો વિચાર કર્યો હતો.

તેના પિતા તરફથી વારસા તરીકે તેને જે થોડીઘણી મિલકત મળી હતી તે તેણે વેચી નાખી અને તેમાંથી જે રકમ મળી તેનું તેણે રોકાણ કર્યું અને તે દ્વારા મળતી આવક ઈશ્વરવિદ્યા પાઠશાળામાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીના ખર્ચ પેટે આપવામાં આવે એવું ઠરાવ્યું.

તેણે પોતાની છેલ્લી ભજનસેવા એક વૃદ્ધ સંતના ઘરમાં રાખી કારણ કે નબળાઇ અને માંદગીને કારણે તે જાહેર ભજનસેવામાં ભાગ લઇ શકતો નહોતો. બીજે દિવસે સવારે બ્રેઇનર્ડે છેલ્લી વાર પોતાના મિત્રોની સાથે ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરી.

તે પછી ઘણા માઇલોની મુસાફરી કરીને બ્રેઇનર્ડ લોંગ આઇલેન્ડ પહોંચ્યો. ત્યાં રેડ ઇન્ડિયનો વસતા હતા. જે સંસ્થાએ બ્રેઇનર્ડને મોકલ્યો હતો તેના તરફથી છેલ્લી ઘડીએ એવી ખબર આવી કે તેણે પોતાની મુસાફરી લંબાવીને કોનોમીક નામના સ્થળે જવાનું છે. તે સ્થાન ન્યૂયોર્ક પ્રાંતના ગાઢ જંગલોમાં આવેલું છે અને ત્યાં રેડ ઇન્ડિયનોની જ વસ્તી છે. આ રીતે બ્રેઇનર્ડ એપ્રિલની ૧લી તારીખે ત્યાં આવી પહોંચ્યો. અહીં તેણે ઘાસની એક ગંજી પર પોતાનો મુકામ કર્યો. કોઇ પણ પ્રકારની દુનિયાઇ સુખસગવડતા ત્યાં નહોતી, છતાં બ્રેઇનર્ડે કોઇ જાતની કચકચ કે ફરિયાદ કરી નહિ. તેણે દુઃખો અને હાડમારીઓ વેઠવામાં આનંદ પામ્યો. તેને એમ લાગ્યું કે પોતે કોઇ પણ સારાં વાનાંને લાયક છે જ નહિ.

એપ્રિલની ૨૦મી તારીખ જે તેનો જન્મદિન હતો, તે દિવસને તેણે પ્રાર્થના અને ઉપવાસ માટે નક્કી કર્યો. તેણે પ્રાર્થના કરતાં કહ્યું કે ગત વર્ષમાં

પ્રભુની કૃપા પ્રાપ્ત થવાથી હું અત્યાર સુધી જીવતો રહ્યો છું અને હાલ પચ્ચીસ વર્ષની ઉંમર સુધી પહોંચ્યો છું. અનંત ઈશ્વરના મહિમાને માટે હું બહુ જ થોડું જીવ્યો છું. તે આખો દિવસ એકલા રહીને મેં જંગલમાં ગાળ્યો અને ત્યાં મેં મારું હૃદય ઈશ્વર આગળ રેડયું. ભવિષ્યને માટે પ્રભુ તેના મહિમાને સારુ જીવન જીવવા મને શક્તિમાન કરે તો કેવું સારું !

મે માસમાં બ્રેઈનર્ડ પોતાની વિગત જણાવતાં કહે છે કે - "મારા સંજોગો એવા છે કે ઈશ્વરમાં મને જે આશ્વાસન કે દિલાસો મળે છે તે સિવાય બીજી કોઈ જાતનું આશ્વાસન મને મળતું નથી. મારે કોઈ એવો સાથી ખ્રિસ્તી નથી કે જેની આગળ હું દિલ ખોલીને વાત કરી શકું તથા સ્વર્ગીય વાનાં વિષે વાત કરીને હું મીઠી સલાહ મેળવી શકું અને પ્રાર્થનામાં જોડાઇ શકું.

"ડચ લોકો જે જમીન પર હક કરે છે તે જમીનમાં રહેવા સિવાય ઈન્ડિયનો પાસે રહેવા માટે બીજી કોઇ જમીન નથી અને તેઓ તેમને હાંકી કાઢવાની ધમકી આપ્યા કરે છે. બિચારા ઈન્ડિયનોના આત્માઓની તેમને કંઈ પડી નથી. હું તેમને ઉપદેશ કરવા આવ્યો છું, તેથી તેઓ મને તિરસ્કારે છે.

"મારા ખોરાકમાં ઘણું કરીને ઉતાવળે બનાવેલું પુડિંગ, બાફેલી મકાઇ અને રાખમાં ભૂંજેલી બ્રેડ હોય છે. બ્રેડ મેળવવા માટે દસથી પંદર માઇલ ચાલીને જવું પડે, કોઈ વાર જો હું વધારે જથ્થો લાવું તો તે પૂરી થાય તે પહેલાં તો તે વાસી અને ખાટી થઇ જાય છે."

બ્રેઈનર્ડને ઈન્ડિયનોની ભાષા આવડતી નહોતી અને તે શીખવા માટે તેને ઘણો શ્રમ કરવો પડયો હતો. ઈન્ડિયનો મધ્યે બીજો પણ એક મિશનરી સ્ટોકબ્રીજમાં કામ કરતો હતો અને આ બાબતમાં તે તેનો મુખ્ય મદદગાર હતો. તેનું નામ મિ. સાર્જન્ટ હતું. આથી બ્રેઈનર્ડ ભાષાના શિક્ષણ માટે ભયાનક ઝાડીમાં થઈને ભરશિયાળામાં ઘોડા પર વીસ માઈલ જતો અને પાછો આવતો. આમ કુલ ચાલીશ માઇલની તે દરરોજ મુસાફરી કરતો હતો. પોતે નાજુક બાંધાનો અને નિસ્તેજ હોવા છતાં, શિક્ષણ મેળવવા જે શ્રમ તેને

કરવો પડતો અને તેથી જે મુશ્કેલીઓ તેને વેઠવી પડી હતી તેની કલ્પના પણ કેવી રીતે થાય !

બ્રેઇનર્ડે કોનોમીકમાં ઇન્ડિયનો મધ્યે અનેક પ્રકારની મુસીબતો વેઠીને વિશ્વાસુપણે આખા વર્ષભર ઇસુ ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરી, પરંતુ કોઇ સંતોષકારક સફળતા મળી નહિ. આથી તેને જણાયું કે આ ઇન્ડિયનોને સ્ટોકબ્રીજ મોકલવા જોઇએ, જ્યાં તેનો મિત્ર કામ કરતો હતો.

એ દરમિયાન બ્રેઇનર્ડ ન્યૂ જર્સી ગયો અને તેને મોકલનાર સંસ્થાના આગેવાનોને મળીને એવી વિનંતી કરી કે તેને બીજા ઇન્ડિયનોમાં કામ કરવા માટે મોકલવામાં આવે. તેઓએ તેની વિનંતી સ્વીકારી અને તેને દેલવારે મોકલવામાં આવ્યો, જે તેનું ભવિષ્યનું કાર્યક્ષેત્ર બનવાનું હતું.

આ સમયે કેટલીક સમૃદ્ધ મંડળીઓ તરફથી બ્રેઇનર્ડને આમંત્રણ મળ્યાં હતાં. બ્રેઇનર્ડને લાગ્યું કે આ મારે માટે પરીક્ષણરૂપ છે અને તેથી તેવા આમંત્રણનો તેણે સ્વીકાર કર્યો નહિ.

હવે દેલવારે તેનું કાર્યક્ષેત્ર બનવાનું હતું અને જો તે ત્યાં જાય તો તે પોતાનાં સગાં-સ્નેહીઓથી એકલો પડી જવાનો હતો. વળી, શારીરિક રીતે તે ઘણો નબળો હતો. આ સમય તો તેના જીવનમાં કટોકટીનો સમય હતો.

આવી સ્થિતિમાં બ્રેઇનર્ડ ગીચ જંગલોમાં સો (૧૦૦) માઇલની મુસાફરી કરીને ઇ. સ. ૧૭૪૪ના મે માસની ૧૨મી તારીખે પોતાને સ્થળે પહોંચી ગયો.

# ૪. નિર્ગત છતાં આગેકૂચ

જે મહાન હેતુસર બ્રેઇનર્ડનું તેડું કરવામાં આવ્યું હતું તે અંગેના વિચારો તેના મનમાં રાતદિવસ ઘોળાયા કરતા હતા. હમેશાં તે બિચારા ઇન્ડિયનો વિષે વાત કરતો તેમ જ તેમની પાસે જઇને સુવાર્તાનો સંદેશ પ્રગટ કરતો હતો.

મધ્યરાત્રિએ જંગલના સૂમસામ વાતાવરણમાં ઇન્ડિયનોના આત્માઓના બચાવ માટે બ્રેઇનર્ડ ઈશ્વર સમક્ષ પ્રાર્થનામાં પોકારો અને આજીજીઓ કરતો હતો ત્યારે તેનો અવાજ દૂર દૂર સંભળાતો હતો. દુનિયાની તમામ બાબતોથી તેણે પોતાને અલગ પાડી દીધો હતો. તેની સમક્ષ તો એક જ વિચાર, એક જ ધ્યેય અને એક જ ઇચ્છા હતાં - ઇન્ડિયનોના આત્માના બચાવ વિષે ! આથી તે તેમને માટે હમેશાં મધ્યસ્થી કર્યા કરતો હતો.

તેના માર્ગમાં અનેક મુશ્કેલીઓ પણ હતી. તે પોતે ઇન્ડિયનોની ભાષાનો અનુભવી નહોતો, કારણ કે તે જુદી જુદી અનેક પ્રાદેશિક ભાષામાં વહેંચાઇ ગઈ હતી.

વળી, તે શારીરિક રીતે ઘણો નબળો હતો તેમ જ તે ઇન્ડિયનોને પૂરેપૂરી રીતે સમજતો પણ નહોતો. તે ઉપરાંત ગોરા લોકો વિષે તેમના મન પર ખરાબ છાપ પડેલી હતી. દારૂ પીવાની કુટેવ તેઓ તેમની પાસેથી શીખ્યા હતા. વળી, ગોરા લોકો તેમના પર જુલમ ગુજારતા હતા અને તેમને છેતરતા હતા. આથી, ઇન્ડિયનો એમ માનવા લાગ્યા હતા કે તેઓનો ઈશ્વર અમારો મિત્ર બની શકે નહિ. વળી, વેપારીઓ અને અન્ય રહેવાસીઓના સંકજામાં તેઓ એવા સપડાઇ ગયેલા હતા કે બ્રેઇનર્ડને તેમની સાથે મિત્રાચારી બાંધતા ખાસો વખત લાગ્યો.

ઇન્ડિયનો પોતાને સ્થળે સુખચેનમાં અને શાંતિમાં રહી શકે તે માટે તેમને સારુ જમીન મેળવી આપવા માટે બ્રેઇનર્ડને ખાસી દોડધામ કરવી પડી

હતી.

એક શનિવારે સાંજને સમયે પોતાની રીત પ્રમાણે જંગલમાં મનન તથા આત્મપરીક્ષા કરીને પોતાના મુકામે તે પાછો ફર્યો ત્યારે તેને જાણવા મળ્યું કે બીજે દિવસે એક મોટો મેળો ભરાવાનો હતો અને ત્યાં મૂર્તિપૂજા થવાની હતી. આ જાણીને તેને મનમાં ઘણું દુઃખ થયું અને તેને લાગ્યું કે મારે જઈને તે અટકાવવો જોઈએ. પણ તે કામ શી રીતે થાય ? આથી સામર્થ્ય મેળવવા તે પ્રાર્થના માટે જંગલમાં ગયો. તેણે તે રાતે ઘણા જ કષ્ટ અને આગ્રહ સાથે પ્રાર્થના કરી. જ્યારે તે પોતાના ઘૂંટણ પરથી ઊઠયો ત્યારે તેના પરિશ્રમ અને કષ્ટને કારણે તે સ્થિર ઊભો પણ રહી શકતો નહોતો. તેના કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝેલાં હતાં. વળી, તેનો અવાજ બેસી ગયો હતો ત્યાં સુધી તેણે ઈશ્વરને પોકાર કર્યો હતો. તે તદ્દન નિર્ગત થઈ ગયો હતો.

સવાર થઈ ત્યારે ફરીથી તે પોતાનું હૃદય ઈશ્વર આગળ રેડવા જંગલમાં ચાલ્યો ગયો અને ઈશ્વર ઊતરી આવે અને એ મૂર્તિપૂજકોમાં અજાયબ રીતે કાર્ય કરે એવી દૃઢતાપૂર્વક આજીજી કરી.

તે પછી બ્રેઈનર્ડ ઘોડા પર ત્રણ માઈલની મુસાફરી કરીને ઇન્ડિયનો પાસે પહોંચી ગયો. તેઓ પૂરજોશમાં નાચતા, કૂદતા અને પોકારો પાડતા હતા. બ્રેઈનર્ડ સીધે-સીધો તેમની વચ્ચે પહોંચી ગયો અને ઈશ્વરના સામર્થ્ય તથા તેની કૃપા વડે તેમને આ બધું બંધ કરવા સમજાવ્યા. તેણે તેમને ઈશ્વરના વચન વિષે વાત કરી, ત્યારે તેઓએ તેનું ધ્યાનથી સાંભળ્યું. પ્રાર્થનાના આ અજાયબ પ્રત્યુત્તર દ્વારા બ્રેઈનર્ડને અનહદ આનંદ થયો અને તે પછી પોતાના સ્થળે પાછો ફર્યો.

ત્યાર પછી ત્રણ અઠવાડિયાં સુધી તે માંદગીમાં સપડાઈ ગયો. તેને ઘણી વેદના થતી હતી, તેમ છતાં તે ધીમે ધીમે ઇન્ડિયનો પાસે જતો હતો અને તેમની સાથે વાતચીત કરતો હતો. પોતાના હાથમાં બાઈબલ રાખીને તે તેમની સાથે બેસતો અને તેમને ઈશ્વરનાં વચનો સંભળાવતો હતો. ખરેખર તે ઈશ્વરનો એક વિશ્વાસુ સાક્ષી હતો.

ખરું જોતાં તો તે ગંભીર માંદગી ભોગવી રહ્યો હતો અને મરણતોલ હતો. છેવટે તે એટલો બધો અશક્ત થઇ ગયો કે તેને પોતાની ઝૂંપડી બહાર પણ નીકળવાની તાકાત તેનામાં રહી નહિ.

આ સમયે તે નોંધ લેતાં જણાવે છે કે મારા વિચારો અને મારી પ્રવૃત્તિઓ જાણે કે આપોઆપ થયા કરતી હોય એમ મને લાગે છે. મારામાં વાંચવાની, મનન કરવાની અને પ્રાર્થના કરવાની શક્તિ જણાતી નથી.

ઘણી વાર મને એમ લાગે છે કે જાણે મેં સમયનો સદુપયોગ કર્યો નથી અને તેથી હું દોષિત છું. સમયનો આવી રીતે બગાડ કરવાથી મારા મનમાં શાંતિ જણાતી નથી. આથી ઈશ્વર પાસે કૃપાની યાચના કરું છું અને ઈશ્વરે મારા ઉપર દયા દર્શાવી અને મને સાજાપણું આપ્યું.

હવે બ્રેઈનર્ડ ઈશ્વરની સહાય માગીને સુવાર્તિક મુસાફરીએ નીકળી પડયો અને ચારસો વીસ માઈલની મુસાફરી કરીને શ્રમિત હાલતમાં પાછો ફર્યો.

થોડા દિવસના આરામ પછી બ્રેઈનર્ડને શક્તિ આવી ત્યારે તે પોતાના મિત્ર બાયરનને મળે છે, કેમ કે સસ્કવેહાન્નાા રહેતા ઈન્ડિયનોને સુવાર્તા પ્રગટ કરવા જે મુસાફરી કરવાની હતી તેમાં તે તેનો સાથી બનવાનો હતો. આ મુસાફરી અતિ સાહસભરી અને જોખમકારક હતી. તેઓ આ ઉજ્જડ અને નિર્જન પ્રદેશમાં માઈલ પર માઈલ કાપવા લાગ્યા. બ્રેઈનર્ડ આ માર્ગને બિહામણો અને ભયંકર કહે છે. મુસાફરી કરતા કરતા તેઓ પર્વતોની એક હારમાળા પાસે પહોંચી ગયા. ત્યારે ટોચ પરના ખડકો મધ્યે થઈને તેમને જવું પડયું. એક અંધારી રાતે એવું બન્યું કે બ્રેઈનર્ડના ઘોડાના પગ ખડકની ફાટમાં ફસાઇ ગયા અને તેથી બ્રેઈનર્ડ ઊછળીને નીચે પડી ગયો, પરંતુ ઈશ્વરકૃપાથી તેને કોઇ ખાસ ઇજા થઇ નહિ. હવે ઘોડાના પગ ભાંગી ગયેલા હોવાથી તેને મારી નાખવો પડયો. અહીં આગળ તેઓ અમુક સમય માટે રોકાયા. તેઓએ આજુબાજુથી સૂકાં લાકડાં વીણી આણ્યાં અને તાપણું સળગાવ્યું, કારણ કે ઘણો જ ઠંડો પવન વાતો હતો. તેમણે પોતાને ઈશ્વરના

હાથમાં સોંપ્યા અને કાંકરાવાળી ભોંય પર ઊંઘી ગયા.

હવે એવું બન્યું કે નજીકમાં રહેતા ઇન્ડિયનોએ આ જાણ્યું ત્યારે તેઓ તેમની મદદે દોડી આવ્યા અને તેમના પ્રત્યે ઘણી ભલાઇ દેખાડીને તેમને સહાય કરી. તે પછી તેઓ ઇન્ડિયનો સાથે તેમના વસવાટે ગયા. ઇન્ડિયનોએ તેમની ઘણી સરભરા કરી અને તેમના પ્રત્યે ઘણો સારો ભાવ દેખાડયો.

આમ આ મિત્રાચારીભર્યા વાતાવરણમાં બ્રેઇનર્ડને ઇશ્વરનો સંદેશો આપવાની તક મળી. આથી બ્રેઇનર્ડ થોડાક દિવસ તેમની મધ્યે રહ્યો અને ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સમજાવતો રહ્યો.

# ૫. દુભાષિયાનું પરિવર્તન

દુનિયાઇ સર્વ પ્રકારનાં સુખ-સગવડો તજીને બ્રેઇનર્ડે ખ્રિસ્તના સૈનિક તરીકે દુઃખ સહન કરવાનું પસંદ કર્યું હતું. આપણે અગાઉ જોઇ ગયા કે ઇન્ડિયનો મધ્યે સેવા કરવાની તેણે શરૂઆત કરી તે વખતે સુધરેલા સમાજનાં તમામ પ્રલોભનોથી દૂર રહેવાનો તેણે દઢ નિશ્ચય કર્યો હતો. તે એમ સમજતો હતો કે માછલી પકડવી હોય તો પાણીમાં ઊતરવું જ જોઇએ અને તેથી આ બિચારા ઇન્ડિયનોને ખ્રિસ્તને માટે હું જીતવા માગતો હોઉં તો મારે તેઓમાંના એકના જેવા થઇને રહેવું જોઇએ.

હવે પછી બ્રેઇનર્ડનું રહેઠાણ વેરાન અને ઉજ્જડ થવાનું હતું. જો કે એવા પ્રદેશમાં રહેતાં રહેતાં તેને અનેક પ્રકારનાં સંકટોનો સામનો કરવો પડયો, તેમ છતાં જે શાંતિ સર્વ સમજશક્તિની બહાર છે તેનો તેને અનુભવ થતો હતો.

એક સુવાર્તિક મુસાફરી દરમિયાન તેને થયેલો અનુભવ નીચે મુજબ જણાવે છે - શરદીથી અને માથાના દુઃખાવાથી ખૂબ હેરાન થયેલો હતો ત્યારે વેરાન પ્રદેશમાં એક રાતે હું ભૂલો પડયો અને તેથી પહાડો, ખડકો, ભયંકર ઢોળાવો ઉપર તથા કલણોમાં અને જોખમકારક જગ્યાઓમાં મારે રખડવું પડયું. રાત અંધારી હતી અને થોડાક તારા આકાશમાં દેખાતા હતા. ઠંડીને કારણે હું જકડાઇ ગયો હતો, વળી, મને માથામાં અને પેટમાં સખત દુઃખાવો ઊપડયો હતો. આથી મને દરેક મિનિટ ત્રાસદાયક લાગતી હતી. આવી સ્થિતિમાં રાત દરમિયાન મેં ત્યાં ઝાડીમાં પડી રહેવાનો વિચાર કર્યો, પણ એવામાં ઈશ્વરની પુષ્કળ ભલાઇથી મને એક ઘર મળી આવ્યું અને તેમાં મારો સારો આવકાર કરવામાં આવ્યો.

આવી રીતે અનેક વાર હું સપડાઇ ગયો હતો અને કેટલીક વાર તો આખી રાત મારે બહાર પડી રહેવું પડયું હતું. પરંતુ ઈશ્વરના નામને ધન્ય હો કે તેણે અત્યાર સુધી મને સંભાળી રાખ્યો છે. અગાઉ જયારે તીવ્ર ઠંડી કે

વરસાદમાં હું સપડાઇ જતો ત્યારે તેમાંથી રાહત મેળવવા મને મન થતું હતું, પરંતુ હવે ઈશ્વરની કૃપાથી એવી બાબતોને મારા હૃદયમાં ઓછું સ્થાન છે. મારી સર્વ જરૂરિયાતો માટે હું ઈશ્વર તરફ જોઉં છું.

આ રીતે સુખશાંતિનું રહસ્ય શામાં રહેલું છે તે બ્રેઇનર્ડે શોધી કાઢયું. પોતાના હૃદયની તૃષા સંતોષવામાં કે પોતાની ઇચ્છા તૃપ્ત કરવામાં તે રહેલું નથી, પરંતુ ખ્રિસ્તને સારુ સંકટ સહન કરવાના ગૌરવમાં તથા પોતાનાં દુ:ખો કરતાં ઈશ્વરની દયા અને કૃપા વિષે વધારે વિચાર કરવામાં રહેલું છે.

ઇ. સ. ૧૭૪૫ના મે માસમાં બ્રેઇનર્ડ પોતાના દુભાષિયા સાથે સુવાર્તિક કામ માટે સસ્કવેહાન્ના જવા નીકળી પડયો. તેઓની મુસાફરી અતિ કંટાળાજનક અને પ્રતિકૂળ હતી. પ્રદેશ ઘણો જ ઉજ્જડ હતો અને તેથી કોઇ સ્થળે આશરો મળે તેમ નહોતું. રાત્રિ દરમિયાન ગાજવીજ અને વરસાદનાં ભયંકર તોફાન થતાં હતાં, એ કારણથી અગ્નિ પણ સળગાવી શકાતો નહિ. અધૂરામાં પૂરું તેમના ઘોડા કોઇ ઝેરી પદાર્થ ખાઇ ગયેલા હોવાથી તે નકામા થઇ ગયા હતા. તેમ છતાં, તેમને દોરીને ચાલતા ચાલતા તેમણે પોતાની મુસાફરી ચાલુ રાખી. આખરે તેઓ એક ઇન્ડિયનના નાના છાપરા પાસે આવી પહોંચ્યા અને તેમને આરામ મળવાથી તેઓએ આભાર માન્યો.

તેમણે આ વખતે સો માઇલ કરતાં વધારે માઇલની મુસાફરી કરી હતી અને નદીના કાંઠા પર રહેતી ઇન્ડિયનોની જુદી જુદી જાતિઓમાં સુવાર્તા પ્રગટ કરી હતી. જો કે આ વખતે ખ્રિસ્તી ધર્મ પ્રત્યે કેટલોક વિરોધ જણાયો હતો તો પણ કેટલાક સમજુક માણસો પણ હતા અને તેઓ ખ્રિસ્તી ધર્મ વિષે વધારે શીખવા આતુર હતા. આથી બ્રેઇનર્ડ ત્યાં એકાદ પખવાડિયું રોકાયો અને ઇશ્વરના વચનનું શિક્ષણ આપ્યું. એ સમય દરમિયાન તેને ઘણી વાર ખુલ્લા મેદાનમાં જમીન પર સૂઇ રહેવું પડયું હતું. આખરે તે પહેલાં તો ટાઢિયા તાવમાં સપડાઇ ગયો અને પછી તેને બીજા પ્રકારનો તાવ લાગુ પડયો. વળી, માથામાં અને પેટમાં અસહ્ય દુ:ખાવો ઊપડયો તેમ જ તેને લોહી પડવા લાગ્યું અને તેને એમ લાગ્યું કે હું અહીં જ ખલાસ થઇ જઇશ.

પરંતુ એક ઇન્ડિયન વેપારીના છાપરામાં તેને આશરો મળી ગયો અને ઇશ્વરની કૃપાથી એકાદ અઠવાડિયામાં તેના શરીરમાં શક્તિ આવી અને તેથી તે સવારી કરી શકયો. લગભગ ૩૫૦ માઇલની મુસાફરી કરીને આખરે તે મે મહિનાની ૩૦મીના ગુરુવારે બહુ જ નિર્ગત અવસ્થામાં પોતાને સ્થળે આવી પહોંચ્યો.

આ સમયે બ્રેઇનર્ડ (જુલાઇ ૧૭૪૫) પોતાના દુભાષિયાના બદલાણ અંગે જણાવે છે. દુભાષિયો ત્યાંનો જ વતની હતો અને કેટલાક સમયથી બ્રેઇનર્ડની સાથે રહીને મદદ કરતો હતો. બ્રેઇનર્ડે જે બે પ્રથમ ઇન્ડિયનોને બાપ્તિસ્મા આપ્યું તે તો આ દુભાષિયો અને તેની પત્ની હતાં.

આ દુભાષિયો સખત પીનારો અને કુખ્યાત દારૂડિયો હતો. પરંતુ બ્રેઇનર્ડની સાથે રહેવાથી તેનામાં કંઇક સુધારો થયો હતો. વળી, તે બીજા ઇન્ડિયનોની મૂર્તિપૂજા છોડી દઇને ખ્રિસ્તી ધર્મ સ્વીકારવા સમજાવતો હતો, પરંતુ તે પોતાના આત્મા માટે કંઇ ચિંતા કરતો જણાતો નહોતો. હવે એક દિવસ એવું બન્યું કે બ્રેઇનર્ડ ઘણા સામર્થ્ય સાથે ઉપદેશ કરતો હતો ત્યારે આ દુભાષિયા પર તેની ઘણી અસર થઇ. જો કે થોડા સમય માટે આ અસર ઓછી થયેલી જણાઇ, પણ તે પછી તો તેની બેચેની ઘણી જ વધી ગઇ અને આથી તેને ઊંઘ પણ આવતી નહિ. તેને પોતાના આત્માની ઘણી ચિંતા થવા લાગી. તે લોકોની મધ્યે આમતેમ ફરતો જાય અને મોટેથી પોકારતો કે, "મારે તારણ પામવા શું કરવું જોઇએ ?" તેના ચહેરા પર ભારે ઉદાસીનતા જણાતી હતી. તેને પોતાના પાછલા જીવન સંબંધી ઘણો ક્ષોભ રહ્યા કરતો. તે એમ કહેતો કે જો કે હું બીજા ઇન્ડિયનો જેવો દુષ્ટ નથી, તો પણ મેં કદીયે ભલું કાર્ય કર્યું નથી. સાથે સાથે તેને સ્પષ્ટપણે જણાતું હતું કે બીજા લોકો પણ મારા જેવી જ હાલતમાં છે. તેઓ પોતે પોતાનો બચાવ કરી શકે તેમ નથી. તે પોતે એમ માનતો હતો કે, હું તદ્દન ખોવાઇ ગયો છું અને મારે માટે કોઇ આશા નથી. પરંતુ તેના અંતરાત્માનો અવાજ તેને કહ્યા કરતો હતો કે, "હજી આશા છે ! હજી આશા છે !" અને એક દિવસે તેની આશા પૂરી થઇ, કેમ કે પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરવાથી તેના મનમાં શાંતિ આવી હતી. તે પછી તો તે

પોતે ઇન્ડિયનો મધ્યે જવા લાગ્યો અને ઘણી ધગશથી તારણનો સંદેશો પ્રગટ કરવા લાગ્યો. તેનું નામ મોઝીશ ટીન્ડા ટાન્ટેની હતું અને તે પચાસેક વર્ષની ઉંમરનો હતો. બ્રેઇનર્ડ જણાવે છે કે બીજા ઇન્ડિયનો માટે તે આશીર્વાદરૂપ બનશે એવો મને વિશ્વાસ છે.

# ૬. મહાન જાગૃતિ

૧૭૪૫ની સાલ ઇન્ડિયનો માટે મહાન જાગૃતિની સાલ હતી. ગીતશાસ્ત્ર ૧૨૬ : ૫ પ્રમાણે બ્રેઇનર્ડના સંબંધમાં બન્યું હતું : "જેઓ આંસુ પાડતાં પાડતાં વાવે છે તેઓ હર્ષનાદસહિત લણશે." જંગલના અંધકાર મધ્યે ઉપવાસસહિતની પ્રાર્થનાઓ તથા હૈયાફાટ પોકારો ઈશ્વર આગળ લઇ જવામાં આવ્યાં હતાં. રુદન અને કષ્ટ સાથે કરેલી પ્રાર્થનાઓનો જવાબ આખરે ભરપૂરપણામાં આવ્યો અને દૈવી કૃપાની આશિષોને ભરપૂરપણે વરસાવવા આકાશની બારીઓ ખુલ્લી થઇ ગઇ.

બ્રેઇનર્ડને આ માટે ઘણી રાહ જોવી પડી હતી. ઘણી વાર તે નિરાશાનાં વાદળોમાં ઘેરાઇ ગયો હતો, પરંતુ તેને એમ લાગ્યું કે, આ બધું તો મારા વિશ્વાસની કસોટી માટે તથા મારી કેળવણીને સારુ હતું.

હવે સર્વ પ્રકારનો અંધકાર દૂર કરવા ઇશ્વરનો આત્મા ઊતરે છે. સસ્કવેહાન્નામાં આવેલી જાગૃતિ તો એક ઐતિહાસિક બનાવ હતો. બ્રેઇનર્ડ કહે છે કે ત્યાંના તમામ લોકો પર એકાએક આત્મપરીક્ષાનો જુવાળ ઊતરી આવ્યો. ચારેબાજુના ભાગોમાંથી લોકો તેની પાસે ધસી આવવા લાગ્યા અને તે તેઓને ઉપદેશ કરતો. તેણે ઈશ્વરના પ્રેમ વિષે બોધ કર્યો ત્યારે લોકોનાં હૃદયો પર તેની અસર થવા લાગી. ચાલીસ માણસોમાં ત્રણ સિવાયના બધા રુદન અને વિલાપ કરતા હતા. પ્રભુ ઈસુના દુઃખસહનની વાતે તો તેમનાં હૃદય પિગળાવી નાખ્યાં હતાં. ભારે રુદન કરતા એક ટોળાની પાસે જઇને બ્રેઇનર્ડે પૂછયું કે તમે ઈશ્વર પાસેથી શું માગો છો ? તેઓએ જવાબ આપતાં કહ્યું કે ઈસુ ખ્રિસ્ત અમારાં હૃદયોને તદ્દન શુદ્ધ કરે એવું અમે ઇચ્છીએ છીએ. બ્રેઇનર્ડને લાગ્યું કે ઈશ્વરનો પરાક્રમી ભુજ ખરેખર અજાયબ રીતે કાર્ય કરી રહ્યો છે.

એક બીજે પ્રસંગે બ્રેઇનર્ડ ઇન્ડિયનોને ઉપદેશ કરતો હતો ત્યારે પુરુષો,

સ્ત્રીઓ અને બાળકો મળીને ૬૫ જેટલાં હાજર હતાં. ઉપદેશ કરતાં કરતાં તેને માલૂમ પડયું કે, લોકો ઉપર સારી અસર થતી હતી. પાછળથી બ્રેઈનર્ડે કેટલાક લોકો સાથે વાતચીત કરી ત્યારે જણાયું કે ઈશ્વરનું સામર્થ્ય જોરદાર રીતે ઊતરી આવ્યું હતું. લોકો પર થયેલી અસર નિહાળીને બ્રેઈનર્ડ તો આભો જ બની ગયો. લગભગ તમામ ઉંમરના માણસો ઈશ્વર સમક્ષ નમી પડયાં - વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓ, જેઓ ઘણાં વર્ષથી દારૂડિયાં બની ગયાં હતાં તથા ૬-૭ વર્ષનાં કેટલાંક બાળકો તેમ જ આધેડ વયનાં માણસો, વગેરેને પોતાના આત્માઓ માટે દુઃખ અને ચિંતા થતાં હતાં, એમ લાગતું હતું. જે હૃદયો કઠણમાં કઠણ હતાં તે પણ હવે નમી પડયાં હતાં. ઈન્ડિયનોમાં મુખ્ય ગણાતો એક માણસ હતો, જે અગાઉ તે બધામાં ઘણો જ્ઞાની ગણાતો અને તે પોતાને ધાર્મિક અને ન્યાયી માનતો હતો અને અન્ય કરતાં પોતાની સ્થિતિ ઘણી સારી છે એમ તે સમજતો હતો, તેણે આવીને બ્રેઈનર્ડને કહ્યું કે, હું દસ વર્ષથી ખ્રિસ્તી છું. તે હવે પોતાના આત્મા સંબંધી ગંભીરતાથી વિચાર કરવા લાગ્યો અને હૈયાફાટ રડવા લાગ્યો.

વળી, બીજો એક ઉંમરવાળો અને તે ખૂની હતો, તેમ જ તે જાદુગર અને ભયંકર દારૂડિયો હતો, તે પણ હવે આંસુઓ સહિત ઈશ્વરની કૃપા માટે યાચના કરવા લાગ્યો.

ઘરોમાં તથા ઘરની બહાર રહીને તેઓ બધા ઈશ્વરની કૃપા પામવા રુદન સાથે પ્રાર્થના કરતા હતા. તેઓમાંના ઘણા તો ચાલી શકતા નહિ તેમ જ સ્થિર ઊભા રહી શકતા નહિ. તેઓમાંના દરેકને પોતા સંબંધી એટલી બધી તો ચિંતા હતી કે તેઓને તેમની આસપાસ ઊભા રહેલાઓની પણ જાણ રહેતી નહિ. તેઓમાંના દરેક પોતાને માટે મોટેથી પ્રાર્થના કરતો હતો. આ તો ઈશ્વરના સામર્થ્યનો દિવસ હતો. બ્રેઈનર્ડ કહે છે કે, આવો દિવસ મેં કદી જોયો નથી.

બ્રેઈનર્ડ આ ગરીબ અને અજ્ઞાન ઈન્ડિયનોને શું કહે છે તે જાણવાની જિજ્ઞાસાથી કેટલાક ગોરા લોકો પણ ત્યાં આવ્યા હતા અને તેઓ પણ પોતાની

આત્મિક સ્થિતિ સંબંધી જાગૃત બન્યા હતા.

આ ઇન્ડિયનોમાં જે જે બની રહ્યું હતું તે વિષે જાણવા માટે એક જુવાન ઇન્ડિયન સ્ત્રી ચાલતી ચાલતી જતી હતી ત્યારે માર્ગમાં બ્રેઇનર્ડનું રહેઠાણ આવ્યું, એટલે તે બ્રેઇનર્ડને મળવા અંદર ગઇ. બ્રેઇનર્ડે કહ્યું કે હું ઇન્ડિયનોને ઈશ્વર વિષે બોધ કરું છું, ત્યારે તે સ્ત્રીએ તેને હસી કાઢયો અને તેની મજાક કરી. તોપણ તે સ્ત્રી સભામાં ગઇ. બ્રેઇનર્ડ ઉપદેશ કરતો હતો તે દરમિયાન તે સ્ત્રીને પોતાનાં પાપનું ભાન થયું. જાણે કે તેનું હૃદય વિંધાઇ ગયું હોય એમ જણાયું અને તે સતત બૂમો પાડવા લાગી. તે પોતે સ્થિર ઊભી રહી શકતી નહિ એટલે તેને પકડી રાખવી પડતી. સભા પૂરી થઇ તે બાદ જમીન પર ચત્તાપાટ પડી ગઇ અને બહુ આતુરતાથી પ્રાર્થના કરવા લાગી. કોઇ પણ માણસ તેને કંઇ પૂછે તો તેનો કશો ઉત્તર આપતી નહિ. બ્રેઇનર્ડે તેની પાસે જઇને ધ્યાનથી તેની પ્રાર્થના સાંભળી. તે પ્રાર્થનામાં બોલતી હતી - હે ઈશ્વર, તમે મારા પર દયા કરો, મારા પર દયા કરો અને હું મારું હૃદય તમને આપું તે માટે મારી મદદ કરો. આ પ્રમાણે તે કલાકો સુધી સતત પ્રાર્થના કરતી રહી. આ તો ખરેખર ઈશ્વરના પરાક્રમનો દિવસ હતો !

બપોર પછી બ્રેઇનર્ડ એક સ્થળે ઉપદેશ કરતો હતો તે સમયે વૃદ્ધ અને જુવાન મળીને ૭૫ માણસો હાજર હતાં. વાવનારના દૃષ્ટાંત પર તે તેઓને શિક્ષણ આપતો હતો ત્યારે ઘણાંની આંખોમાંથી આંસુ પડતાં હતાં. ઉપદેશ પૂરો કર્યા પહેલાં માત્થી ૧૧ : ૨૮માં ઈસુએ આપેલા આમંત્રણ તરફ બ્રેઇનર્ડ લોકોનું ખાસ ધ્યાન દોર્યું. - "ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ."

સુવાર્તાના આ આમંત્રણને આધારે તેણે બોધ કર્યો, ત્યારે લોકોનાં હૃદયો વિંધાઇ ગયાં અને તેઓમાં ભારે રડારોળ થઇ ગઇ. દરેક જણ પ્રાર્થના કરતાં કરતાં પોકાર કરતો હતો કે મારા પર દયા કરો, મારા પર દયા કરો. આજુબાજુ છૂટાછવાયા જે લોક હતા તેઓ પણ આ રડારોળ સાંભળીને એકત્ર થઇ ગયા. ઈસુએ આપેલા આમંત્રણનો સંદેશો બ્રેઇનર્ડે જોરશોરથી ચાલુ જ

રાખ્યો. પરિણામે તેઓનાં હૃદયો પણ પીગળી ગયાં અને બે-ત્રણ સિવાય બધાં જ વિલાપ કરવા મંડયા. ખરેખર તેઓ મોટો વિલાપ કરી રહ્યા હતા અને વિલાપ કરતાં કરતાં પ્રાર્થનામાં પોકાર કરતા હતા.

જે ઇન્ડિયનો એક વાર પોતાની મૂર્તિઓ આગળ નાચતા અને કૂદતા તેઓ અત્યારે પોતાના આત્માના બચાવ માટે રુદન અને યાચના કરી રહ્યા હતા, તે દૃશ્ય ખરેખર આશ્ચર્ય પમાડે તેવું હતું.

એ પછી બ્રેઇનર્ડ તેઓને ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપે છે અને તેથી તેમના નૈતિક જીવનોમાં ફેરફાર થાય છે. તેમના એક આગેવાને પોતાની પત્નીને તજી દીધી હતી તે તેની સાથે રહેવા લાગ્યો.

બીજો પણ એક દાખલો ધ્યાન ખેંચે તેવો છે. એક દિવસે એક સ્ત્રી વહેલી સવારે હૈયાફાટ રુદન કરી રહી હતી. આગલી સાંજે તેણે પોતાના બાળક પર ગુસ્સો કર્યો હતો અને તેને ગમે તેમ બોલી ગઇ હતી. આથી તેના મનમાં ઘણો પસ્તાવો થયો હતો અને તેથી દિવસ ઊગ્યો ત્યાં સુધી તેણે પોતાના એ કૃત્ય બદલ રુદન કર્યા કર્યું.

# ૭. પ્રકાશ પથરાતો જાય છે

બ્રેઈનર્ડ હવે તો આ લોકોનો મિત્ર અને પાળક બની ગયો હતો અને તેઓ તેના પર ઘણું હેત રાખતા હતા. પરંતુ બ્રેઈનર્ડને એમ લાગતું હતું કે મારે બીજા ઈન્ડિયનો પાસે જઈને તેઓને પણ સુવાર્તા પ્રગટ કરવી જોઈએ. આ વાત તેણે પોતાના લોકો આગળ રજૂ કરી ત્યારે તેઓએ ખુશીથી તે બાબતમાં પોતાની સંમતિ આપી. આથી આ કાર્યની સફળતા માટે લોકો આગ્રહપૂર્વક પ્રાર્થના કરે એવી બ્રેઈનર્ડે તેમને વિનંતી કરી અને એ અનુસાર લોકોએ એક આખી રાત પ્રાર્થના કરવામાં ગાળી. આ પ્રાર્થનાજૂથમાં બ્રેઈનર્ડના દુભાષિયાએ પણ ભાગ લીધો હતો. આ દુભાષિયાએ જણાવ્યું કે આ સમય આત્મિક રીતે ઘણો ફળદાયી નીવડયો છે. એ જ દિવસે એક વૃદ્ધ ઈન્ડિયન જે મૂર્તિપૂજક હતો અને જે ક્રૂરતાભર્યા વિધિઓને અનુસરનાર હતો તે બ્રેઈનર્ડની પાસે આવ્યો. તેણે પોતાનાં વાજિંત્રો તેમ જ નાચગાન તથા ઉત્સવો વખતે વપરાતાં તેનાં તમામ સાધનો રાજીખુશીથી બ્રેઈનર્ડની આગળ મૂકી દીધાં અને તે પછી તે બધાંનો બાળી નાખીને નાશ કરવામાં આવ્યો.

એક ધાર્મિક માણસ રડતો હતો. બ્રેઈનર્ડે તેની પાસે જઈને પૂછ્યું કે તમે શા માટે આ રીતે રડો છો ? તેણે જવાબ આપતાં કહ્યું કે મૂંગા હલવાનની માફક ઈસુ ખ્રિસ્તને મારી નાખવામાં આવ્યા અને પાપીઓને માટે તેમણે રક્ત વહેવડાવ્યું તે મને યાદ આવે છે એટલે જ્યારે જ્યારે હું એકલો પડું છું ત્યારે ત્યારે આ પ્રમાણે રડું છું.

ઉત્તેજનદાયક બાબતોની સાથે સાથે કેટલીક મુશ્કેલીઓ પણ હતી. બીજા ભાગોમાંથી કેટલાક મૂર્તિપૂજક ઈન્ડિયનો આવ્યા હતા અને જેઓ રુદન સાથે પસ્તાવો કરતા હતા તેઓની તેઓ મજાક કરતા હતા. વળી, તેઓ બ્રેઈનર્ડનો ઉપદેશ સાંભળવા માગતા નહોતા.

હવે બ્રેઈનર્ડ ઈન્વોકાન્ટા ટાપુઓ પર રહેતા ઈન્ડિયનો પાસે જાય છે.

તે ત્યાં ગયો ત્યારે માલૂમ પડયું કે તેઓ બધા એક મોટા યજ્ઞ ચઢાવવાની તથા નાચગાન કરવાની તૈયારી કરવામાં રોકાયેલા હતા. આને લીધે તે સમયે તેને સુવાર્તા પ્રગટ કરવાની કોઈ તક મળી નહિ. આથી તે ઘણો નિરાશ થઈ ગયો. વળી, તેની પાસે જે દુભાષિયો હતો તે પણ મૂર્તિપૂજક હતો અને તેને આ લોકોની મૂર્તિપૂજામાં ઘણો રસ હતો. (બ્રેઈનર્ડનો જૂનો દુભાષિયો બેએક દિવસ પર તેને છોડીને અગત્યના કામે ગયો હતો.)

આથી બ્રેઈનર્ડે છૂટક છૂટક લોકોમાં કામ કરવા માંડયું, પરંતુ તેમાં તેને જોઈએ તેવી સફળતા મળી નહિ.

સાંજના સમયે સો જેટલા માણસો એકત્ર થયા. તેઓએ એક મોટી આગ સળગાવી અને બલિદાન તરીકે ૧૦ માતેલાં હરણ કાપીને આ આગમાં મૂકયાં. પછી તેઓ આગની આસપાસ નાચવા તથા કૂદવા લાગ્યા. તેઓ મોટા મોટા અવાજે બૂમ પાડતા હતા અને તેનો અવાજ બે માઈલ સુધી સંભળાતો હતો. તેઓનું નાચગાન આખી રાત ચાલ્યું. પછી બલિદાનનું માંસ ખાઈને તેઓ છૂટા પડયા.

પ્રભુવાર ૨૧મી સપ્ટેમ્બર, ૧૭૪૫-સવારમાં બધા લોકો પરવારી ગયા એટલે બ્રેઈનર્ડે તેમને સુવાર્તા પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો. તેમને એકત્ર કરવા બ્રેઈનર્ડે ઘણો પ્રયાસ કર્યો, પરંતુ એમ માલૂમ પડયું કે તેઓ બીજી બાબતોમાં મશગુલ બની ગયા હતા. બપોર પહેલાં ત્યાં એક મોટું ટોળું એકત્ર થઈ ગયું અને તેમની સાથે જાદુગરો તથા ઈલમબાજીઓ આવ્યા હતા. આથી તેઓ બધા તેમની રમતોમાં પરોવાઈ ગયા.

તેઓનાથી ત્રીસ ફૂટને અંતરે બ્રેઈનર્ડ પોતાના હાથમાં બાઇબલ રાખી બેઠો હતો, પરંતુ તેથી તેમની રમતોમાં કંઈ ખલેલ પહોંચાડી શકયો નહિ. ત્રણ કલાક સુધી તેમનું ધમચકર ચાલ્યું અને થાક્યા પછી તેઓ વિખેરાઈ ગયા.

બધું પૂરું થયા પછી બ્રેઈનર્ડે તેમને ઉપદેશ કરવાનો પ્રયત્ન કર્યો,

પરંતુ તેઓ વિખેરાઈ ગયા એટલે તે ઘણો ઉદાસ અને આશાહીન બની ગયો. તેમના બદલાણની આશા તે ખોઈ બેઠો હતો, એટલે તે મનમાં ઘણો દુઃખી થઈ ગયો ને તે એવું વિચારવા લાગ્યો કે પૃથ્વી પર હું નકામું જીવન જીવી રહ્યો છું.

અગાઉ જે ઈન્ડિયનો મધ્યે બ્રેઈનર્ડે કામ કર્યું હતું તેઓના કરતાં આ ઈન્ડિયનો જુદા પ્રકારના હતા. તેઓની ભાષા અને તેઓના રીતરિવાજો અલગ પડી જતાં હતાં. આ ઈન્ડિયનો પોતાનાં મરેલાંને દાટતા નહોતા, પરંતુ જમીન ઉપર અમુક સ્થળે તેમને રાખી મૂકતા હતા. અમુક સમય પછી તેમના હાડકાંને તેઓ કાળજીપૂર્વક ધોઈ નાખતા અને પછી તેમને જમીનમાં દાટી દેતા.

બ્રેઈનર્ડ આ લોકો મધ્યે અહીંતહીં ફરીને કામ કરતો હતો. તે દરમિયાન તેને એક ધર્મસુધારકનો ભેટો થઈ ગયો. આ માણસ ઈન્ડિયનોના પુરાતન ધર્મનો પુનરોદ્ધાર કરવા માગતો હતો. તેણે રીંછના ચામડાનો પોષાક એવી રીતે ધારણ કર્યો હતો કે તેના શરીરનું એક પણ અંગ દેખાતું નહોતું. ચહેરા પર લાકડાનું બીબું લગાડેલું હતું. આ બીબાના અડધા ભાગને કાળા રંગમાં અને બીજા અડધા ભાગને ભૂખરા રંગમાં રંગવામાં આવ્યા હતા. તે માણસ નાચતો હતો અને કાચબાની પીઠના કોટલામાંથી બનાવેલું વાજિંત્ર વગાડતો હતો. તે ધાર્મિક અને જ્ઞાની માણસ હતો. આ માણસ ખ્રિસ્તી ધર્મ વિષે ચર્ચા કરી શકે તે માટે બ્રેઈનર્ડને તેણે પોતાને ઘેર આમંત્રણ આપ્યું. આ માણસે જણાવ્યું કે ઈન્ડિયનોની અજ્ઞાનતા અને ભૂંડાઈને કારણે તેને ઘણું દુઃખ થતું હતું અને તેથી તે ઘણી વાર મહિનાઓ સુધી જંગલમાં જઈને એકલો રહેતો હતો. બ્રેઈનર્ડે તેને પ્રભુના પ્રેમનો શુભસંદેશ સંભળાવ્યો અને તે માણસનું બદલાણ થયું. આ માણસે જિંદગીભર ઈશ્વરની સેવા કરવાનો નિશ્ચય કર્યો.

એક દિવસે બ્રેઈનર્ડ એક મોટી સભાને ઉપદેશ કરી રહ્યો તે પછી એક અજાણી ઈન્ડિયન સ્ત્રી બ્રેઈનર્ડ પાસે આવી. આ સ્ત્રીએ પહેલી વાર જ બ્રેઈનર્ડનો ઉપદેશ સાંભળ્યો હતો. આ સ્ત્રીએ એવી વિનંતી કરી કે તેને માટે

પ્રાર્થના કરવામાં આવે. તેને પ્રાર્થના દ્વારા દિલાસો અને શાંતિ મળ્યાં તેમ જ તેને પોતાનાં પાપોની માફીની ખાતરી થવાથી ઘણો આનંદ થયો. તેણે કહ્યું કે આ શુભસંદેશ મારે મારા પતિને પણ જણાવવો જોઈએ અને તેથી તે પોતાના ઘેર જવા ચાલી નીકળી. તેનું ઘર તો ૪૦ માઈલ દૂર હતું. આ રીતે સફળતા મળવાથી બ્રેઈનર્ડને ઘણો જ આનંદ થયો. તેની નિરાશા હવે દૂર થઈ ગઈ અને તે વધારે હોંસથી સુવાર્તા પ્રગટ કરવા લાગ્યો. દરેક સ્થળે હવે જાગૃતિનાં ચિહ્નો જણાવા લાગ્યાં.

નવેમ્બરની ૩જી તારીખના પ્રભુવારે બ્રેઈનર્ડે ચૌદ વ્યક્તિઓને બાપ્તિસ્મા આપ્યું જે પૈકી એક વ્યક્તિ તો લગભગ એંસી વર્ષની હતી. બીજા બે માણસો પચાસ વર્ષની ઉંમરના હતા. તેઓ અગાઉ ઇન્ડિયનોમાં નામીચા દારૂડિયા અને ખૂની હતા, પરંતુ ઈશ્વરની કૃપાથી તેમનું પરિવર્તન થયું હતું.

બીજે દિવસે બ્રેઈનર્ડ યોહાનની સુવાર્તાના ૧૧મા અધ્યાય પર ઉપદેશ આપતો હતો, ત્યારે સભામાંના ઘણા ઉપર દૈવી સત્યોની ઊંડી અસર પડી. મૂએલાંને સજીવન કરવામાં ખ્રિસ્તનું જે પરાક્રમ પ્રદર્શિત થયું હતું તેને લીધે ઘણા જણને અસર થઈ હતી.

કેટલાક જણ અહીં હાજર હતા, જેઓ દૂર દૂરથી હમણાં થોડા વખતથી આવતા હતા, તેઓને પોતાના આત્માઓ માટે ઊંડી અને ભારે ચિંતા થઈ હતી. તેઓમાંથી ખાસ એક સ્ત્રી જે થોડા વખતથી અર્ધપીધેલી દશામાં અહીં આવીને અમારી ઠઠ્ઠા-મશ્કરી કરતી હતી અને જ્યારે અમે પવિત્ર ભજનસેવામાં રોકાયેલા હોઈએ ત્યારે અમને ખલેલ પહોંચાડવા માટે તેણે ઘણી રીતે પ્રયત્નો કર્યા હતા એ સ્ત્રી હમણાં પોતાના આત્મા વિષે એટલી ચિંતિત અને ખેદિત થઈ હતી કે ખ્રિસ્તમાં ધ્યાન લગાડયા વિના તેને કાંઇ શાંતિ વળતી નહોતી. સભામાં સામાન્ય રીતે ઘણાં જણ આંસુ પાડતાં હતાં. ઘણાં જણ ડૂસકાં ભરતાં હતાં અને કણસતાં હતાં. કેટલાંક પોતાને માટે રડતાં હતાં, બીજાં કેટલાંક પોતાના મિત્રોને માટે રડતાં હતાં.

# ૮. આભારસ્તુતિ

ઇન્ડિયનો મધ્યે સેવા કરવાથી ઘણાં ઉત્તેજનદાયક ફળ આવેલાં જોઈને બ્રેઈનર્ડને ઘણો આનંદ મળતો હતો અને તે માટે તે ઈશ્વરનો આભાર માને છે.

આપણે એ યાદ રાખવું જોઈએ કે લોકોને બાપ્તિસ્મા આપવામાં તે કદી ઉતાવળ કરતો નહિ. વ્યક્તિમાં જ્યાં સુધી પવિત્ર આત્માનું ફળ જોવામાં ન આવે ત્યાં સુધી કોઈ વ્યક્તિને બાપ્તિસ્મા આપવામાં આવતું નહિ આ કારણથી એક નામીચા દારૂડિયાને કેટલાંક અઠવાડિયાં સુધી રાહ જોવી પડી હતી. વળી, બ્રેઈનર્ડ જણાવે છે કે એક સ્થળે જે બધાં પુખ્ત ઉંમરના ઇન્ડિયનોને તેણે બાપ્તિસ્માં આપ્યું હતું, તેથી તેને ખાસ સંતોષ થયો હતો. આભારીભાવ સાથે તે કહે છે કે, દેલવારેમાંથી જે ૪૭ ઇન્ડિનોને બાપ્તિસમા આપવામાં આવેલું તેઓમાંથી કોઈએ ખ્રિસ્તી ધર્મને લાંછન લાગે એવું કોઈ કૃત્ય કર્યું નથી.

વળી, ઇન્ડિયનોમાં આવેલી ધર્મજાગૃતિ માટે બ્રેઈનર્ડ ઈશ્વરનો આભાર માને છે. જ્યારે તે પહેલવહેલો ઇન્ડિયનો મધ્યે આવ્યો ત્યારે શરૂઆતમાં તો કોઈ પણ સુવાર્તા સાંભળવા માગતું નહોતું. તેની પહેલી સભામાં માત્ર ચાર સ્ત્રીઓ અને થોડાંક છોકરાં હતાં, પરંતુ થોડાં જ અઠવાડિયાં પછી તો લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં અને સંખ્યાબંધ લોકો રાજીખુશીથી તેનું સાંભળવા આવતા. તે પછી તો ઇન્ડિયનોનાં દરેક વસવાટમાંથી એક જ પ્રકારનો પોકાર આવવા લાગ્યો--"તારણ પામવા મારે શું કરવું જોઈએ ?"

ઈશ્વરની ભલાઈ અંગે બ્રેઈનર્ડ બીજી પણ એક વાત જણાવે છે. તેને પોતાને ઇન્ડિયનોની ભાષા આવડતી નહોતી. બ્રેઈનર્ડને મદદરૂપ થાય એવા એક દુભાષિયાની પણ ઇશ્વરે વ્યવસ્થા કરી. આ દુભાષિયાનું પણ બદલાણ થયું અને તેના બદલાણ પછી તેના પોતાનામાં ઘણો ફેરફાર થઈ ગયો. હવે

તો તે બ્રેઈનર્ડના સંદેશાને વધારે સમજણપૂર્વક અને અસરકારક રીતે રજૂ કરવા લાગ્યો. વળી, લોકો બદલાણ પામે એવી તેનામાં ઉત્કંઠા જાગી અને તેથી તે પોતે પણ ઘણા પ્રયાસો કરવા લાગ્યો અને આ રીતે ઈશ્વરના કામને વધુ વેગ મળ્યો.

બ્રેઈનર્ડ જાહેરમાં ઉપદેશ કરતો તેમ જ વ્યક્તિગત રીતે પણ કામ કરતો હતો. અઠવાડિયાના બધા દિવસોમાં ઘેરઘેર ફરીને કુટુંબોને તે શાસ્ત્રશિત્રાણ આપતો. ઈન્ડિયનોનાં જીવનોમાં થયેલા ફેરફાર માટે બ્રેઈનર્ડ ઈશ્વરનો ખાસ આભાર માને છે. તેઓમાં દારૂ પીવાની જે ટેવ હતી તે હવે તદ્દન નષ્ટ થઈ ગઈ હતી અને તેઓ ભાઈચારામાં રહીને એકબીજા પર પ્રેમ રાખતા હતા.

અત્યાર સુધીમાં બ્રેઈનર્ડે ત્રણ હજાર માઈલની મુસાફરી કરી હતી અને તે દરમિયાન તેને અનેક પ્રકારનાં સંકટો, વિઘ્નો અને હાડમારીઓનો સામનો કરવો પડયો હતો. તે સમયે ઈશ્વરે તેને જે અજાયબ રીતે સહાય આપી હતી તે બદલ તે ઈશ્વરનો આભાર માને છે.

# ૯. પુનઃસ્વાર્પણ

ઈ.સ. ૧૭૪૬ના કૃપાના નવા વર્ષના આરંભે બ્રેઈનર્ડ પોતાની આત્મપરીક્ષા કરીને ઈશ્વરની સેવાને અર્થે નવેસરથી પોતાનું સ્વાર્પણ કરે છે. અત્યાર સુધીમાં તેણે જે પરિશ્રમ કર્યો હતો તેની અસર તેના શરીર પર થયેલી જણાતી હતી, પરંતુ તેના કામ પર આવેલો આશીર્વાદ જોઇને તેનામાં નવી આશા ઉદ્ભવી હતી. પોતાની શારીરિક સ્થિતિ કથળી ગયેલી છે અને હવે પોતાનો અંત ઘણો નજીક છે તે જાણ્યા છતાં બ્રેઈનર્ડ પોતાના ઇન્ડિયનો માટે છેલ્લી ઘડી સુધી કામ કરવાની ઇચ્છા રાખતો હતો.

બ્રેઈનર્ડની નાદુરસ્ત તબિયત જોઈને ઘણા લોકો એમ માનતા હતા કે તેણે હવે પોતાના કામથી નિવૃત્તિ લેવી જોઇએ. પરંતુ બ્રેઈનર્ડ તો વધારે ધગશથી કામ કરવા માગે છે. તે પોતાની ડાયરીમાં લખે છે કે ઈશ્વરે મારા નબળા શરીરને અજાયબ રીતે ટકાવી રાખ્યું છે અને ઈશ્વરની સહાયથી જ હું આજદિન સુધી ટકી રહ્યો છું. ભૂતકાળમાં હું ઈશ્વરની નજીક જેટલું રહેતો હતો તેના કરતાં આ વર્ષે હું વધારે નજદીક રહી શકું તો કેવું સારું ! જે કાર્ય માટે મારું તેડું કરવામાં આવ્યું છે તે ખાસ મદદ વિના થઈ શકે નહિ. મને એવું માલૂમ પડયું છે કે મને મળેલા સમયનો કાર્ય માટે જરેજર ઉપયોગ ન થાય ત્યાં સુધી મનમાં શાંતિ વળશે નહિ.

બ્રેઈનર્ડ ઇન્ડિયનોની ઉન્નતિ સાધવા માટે ઘણા પ્રયત્નો કરતો હતો. ગોરા લોકોએ તેઓને દારૂ પીતાં શીખવ્યું હતું અને તેથી તેઓને દારૂની લતમાંથી મુકત કરવાના હતા. વળી તેઓ ઇન્ડિયનોની જમીન અને મિલકત પણ પચાવી પાડતા હતા તેમાં પણ તેમને મદદ કરવાની હતી. આ બધી બાબતો જાહેરમાં આવી એટલે ગોરા લોકો બ્રેઈનર્ડના દુશ્મનો બની ગયા અને તેઓએ એવી અફવા ફેલાવી કે બ્રેઈનર્ડ છૂપા વેશમાં રોમન કેથોલિક છે અને તે ઈન્ડિયનોને અંગ્રેજોની વિરુદ્ધ ઉશ્કેરે છે. આથી તેને શિક્ષા થાય એવી

ઘણી વકી હતી. પરંતુ તેણે તો પોતાનું કામ ચાલુ જ રાખ્યું, કારણ કે તેનું સામર્થ્ય ઈશ્વરમાં હતું. તેણે ગીતશાસ્ત્રમાંથી ૪૬મો અધ્યાય વાંચ્યો તથા પ્રાર્થના કરી અને સર્વશક્તિમાન તરફથી તેને રક્ષણ અને સામર્થ્ય મળ્યાં.

ઇન્ડિયનોની સાથે વાતચીત કરતાં કરતાં જ્યારે બ્રેઈનર્ડને એમ માલૂમ પડયું કે તેઓને શાંતિ તથા દિલાસો પ્રાપ્ત થયાં છે ત્યારે તેને ઘણો જ આનંદ થતો હતો. એક ગરીબ સ્ત્રીએ તેની પાસે આવીને કહ્યું કે હવે મારી તમામ બીક જતી રહી છે અને ઈસુ ખ્રિસ્તે મને મારાં બધાં પાપથી છુટકારો આપ્યો છે તેથી મને ઘણો જ આનંદ થાય છે. બ્રેઈનર્ડ તેના વિષે જણાવે છે કે તે સ્ત્રી ગમે તે સ્થળે જઈને ખ્રિસ્ત માટે દુઃખો વેઠવા તૈયાર થઈ ગઈ હતી.

આ વર્ષના માર્ચ મહિનાના અંત ભાગમાં બ્રેઈનર્ડ પર અણધારી આફત આવી પડી. તેની શાળાનો શિક્ષક એકાએક માંદગીમાં સપડાઇ ગયો. પાસે કોઈ વૈદકીય સહાય નહિ મળવાથી તેની સારવારની તમામ જવાબદારી બ્રેઈનર્ડ પર આવી પડી. આ ફરજ અદા કરવા માટે તેણે ઘણો ભોગ આપવો પડયો. દરદીની પાસે ભોંયતળિયા પર સૂઈ જઈને આખો સમય તે તેની કાળજી રાખતો હતો અને તેને પરિણામે તેની પોતાની તંદુરસ્તી પણ બગડવા લાગી. તેમ છતાં, રાત્રે થોડોક સમય કાઢીને જંગલમાં શાંત સ્થળે જઈને તે ઈશ્વર સાથે સંગત મેળવી મનન કરતો.

મનનના સમય દરમિયાન તે પોકારી ઊઠતો--"અરેરે ! મારા દિવસો ભૂંસાની માફક ચાલ્યા જાય છે ! કંઈક ઉપયોગી હોય એવું બહું જ થોડું મારાથી થઈ શકે છે. મારા મનમાં હમેશાં જે દુઃખ અને બોજ રહ્યા કરે છે તે એ છે કે પ્રભુની દ્રાક્ષાવાડીમાં હું આટલો બધો નિષ્ફળ નીવડયો છું" અને તેણે પોતાનું સ્વાર્પણ ઈશ્વરને નવેસરથી કર્યું.

# ૧૦. દિવસ પૂરો થવા આવે છે

જોકે બ્રેઈનર્ડ ઇન્ડિયનોની આધ્યાત્મિક બાબતોમાં ઘણો રસ ધરાવતો હતો તેમ છતાં જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે તે તેમનાં એક મિત્ર તરીકે પણ ફરજ બજાવતો હતો. આથી જાનના જોખમે પણ મધરાતે ગાઢ જંગલમાં એકલો-અટૂલો તેમની પાસે જઈને સહાય કરતો હતો. આ કારણથી પણ ગોરા લોકો તેના પર અદેખાઈ રાખતા હતા.

બ્રેઈનર્ડે સારી માવજત કરી, એટલે ઈશ્વરકૃપાએ શાળાનો શિક્ષક સાજાપણું પામ્યો. તેની શાળામાં છોકરાં અને યુવાનો મળીને ત્રીસની સંખ્યા હતી. સાંજને સમયે પંદર જેટલી પરણેલી વ્યક્તિઓ આવતી હતી. શાળાના કામ પ્રત્યે પણ બ્રેઈનર્ડ ઘણું ધ્યાન આપતો હતો. વળી, તેઓ પોતાના અભ્યાસમાં પ્રગતિ કરે છે કે કેમ તે માટે પણ તે કાળજી રાખતો હતો.

પોતાના સુવાર્તિક કામમાં નવા થયેલા ખ્રિસ્તીઓનો સહકાર લેવાની જે પ્રથા તેણે દાખલ કરી હતી તે ખરેખર પ્રશંસાપાત્ર હતી. બ્રેઈનર્ડ સુવાર્તિક મુસાફરીમાં જતો ત્યારે અડધા ડઝન જેટલા નવા ખ્રિસ્તીઓ જેઓ ઉત્સાહી અને વિશ્વાસુ હતા, તેમને તે પોતાની સાથે લઈ જતો. આ રીતે અજમાવવાથી તેને ઘણો લાભ થયો, કેમ કે તેઓ તેને ઘણા મદદરૂપ નીવડતા હતા.

જંગલમાં જ્યાં જ્યાં ઇન્ડિયનોની પાસે તેઓ જતા ત્યાં ત્યાં તેઓનો સારો આવકાર થતો હતો. વળી, એવું માલૂમ પડયું કે, જે લોકો અગાઉ ખ્રિસ્તી ધર્મનો વિરોધ કરતા હતા તેઓ ઠંડા પડી ગયા હતા અને ઘણી ખુશીથી ઈશ્વરનું વચન સાંભળવા તત્પર જણાતા હતા.

પોતાની મંડળીના લોકોનાં બદલાયેલાં જીવનો જોઈને બ્રેઈનર્ડને જે આનંદ થતો હતો, તેવો આનંદ બીજા કશાથી થતો નહોતો. લોકોમાં શાસ્ત્રશિક્ષણની ભૂખ રહેતી હતી અને તેથી જ્યારે જ્યારે લોકો બ્રેઈનર્ડને તે માટે બોલાવતા ત્યારે ત્યારે તે એકદમ જતો હતો.

એક દિવસે જાહેર ભજનસેવા પૂરી થયા બાદ લોકો બ્રેઈનર્ડને ઘેર ગયા. બ્રેઈનર્ડનું આખું ઘર ભરાઈ ગયું અને લોકોએ ત્યાં પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. એવામાં એક ગરીબ ઈન્ડિયન સ્ત્રી તરફ બ્રેઈનર્ડનું ધ્યાન દોરાયું. આ સ્ત્રીને ખ્રિસ્ત મળવાથી આનંદ થયો હતો. લોકોની વચ્ચે તે મોટા અવાજે આનંદથી ઈશ્વરની સ્તુતિ કરતી હતી અને પોકાર કરતાં કહેતી હતી કે, હે ધન્ય પ્રભુ, આવો ! મને તમારી પાસે લઈ જાઓ! જો હું જીવતી રહીશ તો પાછી પાપમાં પડીશ! ઓ પ્રિય ઈસુ, હાલ જ તમે આવો!

બ્રેઈનર્ડે તેને પૂછયું--તારો પતિ જે માંદો છે તેને ઈશ્વર લઈ લે તો તેને કેવું લાગશે? આ સ્ત્રીએ જવાબ આપ્યો -- "તે માણસ ઈશ્વરનો જ છે અને મારો નથી, તેથી ઈશ્વરને જે ગમે તે તે કરી શકે છે." બ્રેઈનર્ડે ફરી તેને પૂછયું- તું મરી જશે તો તારા નાના બાળકનું શું થશે? તેણે જવાબ આપતાં કહ્યું કે, તે ઈશ્વરનું છે, તે તેની સંભાળ રાખશે.

બ્રેઈનર્ડ પોતાની ડાયરીમાં જણાવે છે કે મેં કદી પણ આવો હૃદયભંગિત અને નમ્ર બની ગયેલો દાખલો જોયો નથી.

ઈ.સ. ૧૭૪૭ના મે મહિનાની ૨૮મી તારીખે બ્રેઈનર્ડ નોર્ધમ્પટન ગયો. હજી તે દિવસના ૨૫ માઈલ ઘોડા પર મુસાફરી કરતો અને ૧/૨ માઇલ ચાલતો. તે કંઈ દુઃખી જણાતો નહોતો, પરંતુ તેને થયેલા રોગે હવે ગંભીર રૂપ ધારણ કર્યું હતું,અને તેથી તે પોતાના મિત્ર જોનાથાન એડવર્ડઝને ત્યાં રહ્યો આથી. તેને જોવા માટે ડૉ. માથરને બોલાવવામાં આવ્યા. ડૉકટરે તેને તપાસીને સ્પષ્ટ રીતે જણાવી દીધું કે તેનો ક્ષય હવે જામી ગયો છે અને તેમાથી સાજાપણું મળે એવી કોઇ આશા જણાતી નથી.

બીજો કોઇ દરદી હોય તો આવી વાત સાંભળીને ગભરાઈ જાય તથા નિરાશામાં ડૂબી જાય, પરંતુ ઈશ્વરના આ ભક્તને તેની કોઇ અસર થઈ નહિ. આવી વાતથી તેના હૃદયના આનંદમાં કે તેની સામાન્ય વાતચીતમાં કોઈ ભંગાણ પડયું નહિ. ઈશ્વરની તારણસાધક કૃપામાં તેનો વિશ્વાસ હતો.

આ સમયે ડૉક્ટરોએ એવી સલાહ આપી કે બ્રેઈનર્ડ જેમ બને તેમ ઘોડા પર વધારે મુસાફરી કરે તો તેની જીવનદોરી લંબાય એવો ઘણો સંભવ છે. આથી એ સમયથી માંડીને તેનું મૃત્યુ થયું ત્યાં સુધી તેણે બધી જગાએ ઘોડા પર મુસાફરી કરી. આ રીતે તે મુસાફરી કરીને બોસ્ટન પણ ગયો.

૧૮મી જૂનના ગુરુવારે બ્રેઈનર્ડ ભયંકર માંદગીમાં સપડાઈ ગયો તેને બે-ત્રણ શબ્દો એકી સાથે બોલવામાં પણ અતિશય મુશ્કેલી પડતી. તેની માંદગી દરમિયાન તેના મિત્ર જોનાથાનની દીકરી યરુશા કાળજીપૂર્વક તેની માવજત કરતી હતી. ચાર-પાંચેક દિવસ પછી કેટલેક અંશે માંદગીમાં સુધારો થયો.

આવી શારીરિક નબળાઈ અને વેદના હોવા છતાં બ્રેઈનર્ડ ઈશ્વરની સંગતમાં હતો. તેનું મન તો ઈશ્વરના કાર્યમાં જ ચોંટેલું હતું અને તે પોતાના ટોળા માટે પ્રાર્થના કરતો હતો. તે માંદગીના બિછાના પર પડેલો હતો, પણ ઈશ્વરની કૃપાથી તે ટકી રહ્યો હતો. તે સમયે પણ તે પોતાના ઇન્ડિયનોની મુલાકાત લેવા ઝંખી રહ્યો હતો.

હવે બ્રેઈનર્ડ ફરીથી ઇન્ડિયનો મધ્યે જઈ શકે તેવી તેની સ્થિતિ નહોતી. પરંતુ થોડાંક અઠવાડિયાં માટે તેની માંદગીમાં સુધારો જણાયો, એટલે તે પોતાના મિત્રોને મળીને તેમની સાથે વાતચીત કરી શકતો તેમ જ ઘર બહાર નીકળીને લોકોની મુલાકાત પણ લઈ શકતો હતો.

બ્રેઈનર્ડનો એક ભાઈ પણ આ કાર્યથી ઘણો પ્રભાવિત થયો હતો અને પોતાનો કૉલેજનો અભ્યાસ પૂરો કર્યા બાદ તે પોતે બ્રેઈનર્ડ પછી તેના સેવાકાર્યની જવાબદારી સ્વીકારવા માગતો હતો.

૧૭૪૫ના ડિસેમ્બરમાં બ્રેઈનર્ડે પોતાના ભાઈ જોન પર એક પત્ર લખીને પોતાના કામનો ખ્યાલ આપ્યો હતો. વળી, તેણે પત્રમાં લખ્યું હતું કે હું મરણ સુધી વિશ્વાસુ રહું તે માટે મને ઈશ્વરની કૃપા મળે તો કેવું સારું! ઈશ્વરને માટે હું વધુ કાર્ય કરી શકું તે માટે મને સામર્થ્ય અને કૃપા જોઈએ છે.

બ્રેઈનર્ડ બોસ્ટનમાં બીમારીના બિછાના પર હતો ત્યારે તેણે પોતાના નાના ભાઈ ઈસ્રાએલ ઉપર પણ પત્ર લખ્યો અને તેમાં જણાવ્યું હતું કે હું મરવા પડ્યો છું, પણ તું ધર્મસેવાનું કાર્ય કરજે અને બીજો કોઈ ધંધો કરતો નહિ.

બ્રેઈનર્ડ માંદગીના બિછાના પર હતો ત્યારે પણ તેનું હ્દય તો ઈન્ડિયનોની સાથે હતું. તેઓના ચહેરા અને માથાના વાળમાં ખોસેલાં પીંછાં તેને સતત યાદ આવતાં હતાં. દૂર દૂરના પ્રદેશોમાંથી લોકો તેમ જ ધર્મસેવકો અને આગેવાનો તેને અહીં બોસ્ટનમાં મળવા આવતા હતા. બ્રેઈનર્ડ તેમની આગળ ધર્મ વિષે વાત કરતો અને ઈશ્વરમાં આનંદ કરવાથી જે ધન્ય અનુભવ પ્રાપ્ત થાય છે તે અંગે વાત કરતો. ઈશ્વરે ઈન્ડિયનો મધ્યે જે કાર્ય કર્યું હતું તે સંબંધી તે તેમને જણાવતો હતો.

બ્રેઈનર્ડની સાથે કરેલી મુલાકાતથી અનેક લોકો પર અસર પડી હતી અને પરિણામે ઘણા લોકો તેના કાર્યમાં રસ લેતા થયા. વળી, કેટલાક ઉદાર માણસોએ તો તેની શાળા માટે ભેટ તરીકે ૩ ડઝન બાઈબલ તથા ૧૪ પાઉન્ડની રકમ મોકલી આપી.

તે પછી તો બ્રેઈનર્ડ અતિ ગંભીર માંદગીમાં સપડાઈ ગયો. એક શનિવારે આખી રાત તેની પાસે બેસવું પડ્યું, કેમ કે ગમે તે સમયે તેને મૃત્યુ આવે એમ લાગતું હતું. ડૉક્ટરે જણાવ્યું કે ફેફસામાં રોગ એટલો બધો જામી ગયો છે કે હવે બચવાની કોઈ આશા જણાતી નથી, પરંતુ તેની મુસાફરી હજી પૂરી થઈ નહોતી.

દિનપ્રતિદિન તેની તબિયત સુધરવા લાગી. આ સમયે તેનો નાનો ભાઈ ઈસ્રાએલ તેને મળવા આવ્યો હતો, એટલે તેને ઘણો જ આનંદ થયો.

# ૧૧. પ્રયાણકાળ

પૂરતા પ્રમાણમાં સાજાપણું મળ્યું કે તરત જ બ્રેઈનર્ડ પોતાના મિત્રોની પ્રેમભરી વિદાય લઈને જુલાઈની ૨૨મી તારીખે બોસ્ટનથી મુસાફરીએ નીકળ્યો. એક અઠવાડિયા સુધી દરરોજ સોળ માઈલ ઘોડા પર મુસાફરી કરીને નોર્ધમ્પટન પહોંચ્યો. આ મુસાફરીની તેના શરીર પર ઘણી અસર થઈ અને પરિણામે દરરોજ તેની શક્તિ ઘટવા લાગી, પરંતુ તેનું હૃદય મજબૂત હતું અને તેનો વિશ્વાસ અડગ હતો.

ઈ.સ. ૧૭૪૭ના ઑગસ્ટની ૧૬મી તારીખે બ્રેઈનર્ડે છેલ્લી વાર જાહેર ભજનસેવામાં હાજરી આપી. એક અઠવાડિયા પછી તે પોતાના ઓરડાની બહાર નીકળી શકયો નહિ.

તેનાથી બહાર નીકળી શકાતું નહોતું, તોપણ તે ઇન્ડિયનો વિષે ઘણા વિચારો કરતો હતો. બે જુવાન માણસોને તાત્કાલિક ઇન્ડિયનો પાસે મોકલી આપવામાં આવે, એવું બ્રેઈનર્ડે અધિકારીઓને લખી જણાવ્યું. તે જ વખતે તેનો ભાઈ જોન ઓચિંતો તેને મળવા આવી ચઢયો. તેથી તેને ઘણો આનંદ થયો. જોને ન્યૂ જર્સીનું કામ સંભાળી લીધું હતું. વળી, તે ત્યાંના લોકો તરફથી પ્રેમભર્યા સંદેશા લાવ્યો હતો, તેમ જ તેમની પ્રગતિના સારા સમાચાર લાવ્યો હતો. વળી, બ્રેઈનર્ડના ત્યાં રહી ગયેલા ઘણા હસ્તલેખો પણ તે પોતાની સાથે લાવ્યો હતો.

થોડોક વધારે પડતો શ્રમ કરવાથી બ્રેઈનર્ડ થોડા દહાડા પછી ફરી ખાટલે પડયો. જેઓ તેની તહેનાતમાં રહેતા હતા, તેમને તેના મૃત્યુનાં ચિહ્નો નજીક લાગતાં હતાં પોતાના મિત્રોના ચહેરા પરથી બ્રેઈનર્ડને લાગ્યું કે તેઓ અતિ ચિંતાતુર બની ગયા હતા. તેમની ચિંતા જાણી લઇને બ્રેઈનર્ડ બોલી ઊઠયો-"હા, મહિમાવંત સમય હવે આવી પહોંચ્યો છે ! હું સંપૂર્ણ રીતે ઈશ્વરની સેવા કરવાની ઝંખના રાખી રહ્યો છું ; હવે ઈશ્વર આ ઇચ્છાઓને

સંતોષશે."

પરંતુ હજી તેનું મરણ દૂર હોય એમ જણાયું હતું. તેનું મન સંપૂર્ણ રીતે સ્વસ્થ હતું અને તેના વિચારો પણ સ્પષ્ટ હતા. આથી તે પોતાના મિત્રો સમક્ષ નીચે પ્રમાણે બોલે છે- "ઈશ્વરને પ્રસન્ન કરવામાં અને તેનો મહિમા કરવામાં તથા તેને આપવામાં મારું સ્વર્ગ સમાયેલું છે. એ પ્રકારના સ્વર્ગની હું ઝંખના કરી રહ્યો છું. એ જ મારો ધર્મ છે અને એ જ મારું સુખ છે. પવિત્ર દૂતો સાથે ઈશ્વરની સ્તુતિ કરવા તથા તેનો મહિમા કરવા હું સ્વર્ગમાં જવા માગું છું. મેં ઈશ્વરને માટે તથા દુનિયાને માટે કંઈક થોડું કર્યું છે, તેથી મને દિલાસો મળે છે. હું ઈશ્વરને માટે કંઈ વધારે કરી શક્યો નથી, તેથી મન પસ્તાવો થાય છે.

"માણસોના આત્માઓ માટે કંઈક કરવામાં મારે માટે સૌથી મોટો આનંદ તથા દિલાસો સમાયેલાં હતાં. હાલ મારી માંદગી સમયે જ્યારે મને દુઃખ અને વેદના થાય છે ત્યારે ઈશ્વરને માટે કંઈક થોડું કામ કરવાથી મને દિલાસો મળશે--કાંતો કાંઈક કહીને કે કાંઈક લખીને અથવા બીજું કાંઈક કરીને."

હવે તો તેનામાં લખવાની શક્તિ પણ બહુ ઓછી હતી, તેમ છતાં તેણે પોતાની ડાયરીમાં જે નોંધ કરી હતી તેમાં નીચેની વિગત મળે છે.

પ્રભુવાર, સપ્ટેમ્બર ૨૭મી : આ દિવસ મારા આત્મા માટે ઘણો દિલાસાદાયક દિવસ હતો. વહેલી સવારે હું ઈશ્વર તરફ જોઈ શક્યો. મારામાં શારીરિક શક્તિ બહુ ઓછી હતી તોપણ મારે પોતાને માટે તેમ જ અન્યને માટે મારું હૃદય ઈશ્વર સમક્ષ ખુલ્લું કરી શક્યો. તે પછી અદ્રશ્ય દુનિયામાં ઝડપથી જઈ શકું એવા વિચાર કરવાથી હું મનમાં મગ્ન થયો.

એક અઠવાડિયા સુધી તે એમને એમ પડી રહ્યો. એક દિવસે તો તેનો અવાજ પણ બંધ થઈ ગયો હોય એમ લાગ્યું, એટલે તેના મિત્રો પોતાના કાન તેના હોઠ પાસે લઈ ગયા, ત્યારે "પ્રભુ ઈસુ આવ, જલદી આવ" એવા

શબ્દો પકડાયા. તેણે પોતાની શક્તિ એકત્ર કરીને પોતાના મિત્રને ગીતશાસ્ત્રમાંથી ૧૦૨ ગીત ગાવાનું કહ્યું.

ગીતના શબ્દો સાંભળ્યા પછી તેનામાં નવું જોમ આવ્યું અને તે પોતાની વિદાય વિષે તથા દફનક્રિયા વિષે બોલવા લાગ્યો. તેણે કહ્યું કે મારી દફન વિધિ સાદામાં સાદી રીતે ઘણી શાંતિથી કરવામાં આવે. આ સમયે તે બોસ્ટનમાં નહોતો, તેથી ઈશ્વરનો આભાર માન્યો, કારણ કે ત્યાં નો ઠાઠમાઠ તેને જોઈતો નહોતો.

ઈ.સ.૧૭૪૭ના ઓકટોબરની ૯મી તારીખના શુક્રવારે સવારના ૬ વાગે બ્રેઈનર્ડ ૨૯ વર્ષની વયે ખ્રિસ્ત ઈસુમાં ઊંઘી ગયો. તેના જીવન માટે આપણે ઈશ્વરની સ્તુતિ કરીએ.

# ૧૨. થોડાં છતાં આશીર્વાદિત વર્ષો

## (એક સાક્ષી)

ભૂતકાળનાં ઘણાં વર્ષો દરમિયાન જ્યારે હું દક્ષિણ આફ્રિકાના મૂર્તિપૂજક લોકો મધ્યે રહેતો હતો ત્યારે પ્રાર્થનામાં મલ્લયુદ્ધ કરવા ઉત્તેજન માટે અને પવિત્રતાની અવિરત શોધને માટે હું હમેશાં બ્રેઈનર્ડનો દાખલો લેતો હતો. ઈંગ્લેન્ડમાં મારા ફર્લો દરમિયાન જ્યારે જ્યારે હું મિશનરી સભાઓમાં બોલતો, ત્યારે ઘણી વાર બ્રેઈનર્ડની ડાયરી, રોજનીશી અને તેની સમય-નોંધનો હું ઉલ્લેખ કરતો. આવા ખુલાસાઓ પરથી હમેશાં પ્રશ્ન ઊભો થતો કે "બ્રેઈનર્ડ કોણ હતો ?"

ડેવિડ બ્રેઈનર્ડ જેની પ્રાર્થના માટેની આતુર ઝંખના કરવા માટેની લગતી ડાયરીના પાનાંઓમાં ઝળહળે છે, તે ઈ. સ. ૧૭૧૮ના એપ્રિલની ૨૦મી તારીખે ધાર્મિક માતાપિતાને ઘેર અમેરિકામાં જન્મ્યો હતો. બાળપણથી જ પ્રભુના આત્માથી જાગૃત થયેલો તે વીસ વર્ષની વયે તારણ પામ્યો હતો. પછીનાં ત્રણ વર્ષ તેણે યેલ કૉલેજમાં અભ્યાસ કર્યો. ત્યાંથી અસાવચેત ઉચ્ચારણો માટે તેને અન્યાયી રીતે કૉલેજમાંથી કાઢી મૂકવામાં આવ્યો. તે ઉચ્ચારણ તેના પ્રોફેસર તરફ  કોઈ તિરસ્કાર કે ઘૃણાથી નહિ, પણ સાચા/વાસ્તવિક ધર્મ માટેની તેની જુવાનીની ધગશથી તે બોલ્યો હતો. જેઓએ તેને ભારે દુઃખ પહોંચાડ્યું હતું, તેમના પ્રત્યે તેની ડાયરીમાં તેણે ભલમનસાઈ અને માફી જ વ્યક્ત કરી છે.

તેણે ૨૪ વર્ષની ઉંમરે ઉપદેશ કરવાનું શરૂ કર્યું અને ઈ.સ.૧૭૪૩ થી ૧૭૪૭ સુધી ન્યૂ જર્સી અને પેન્સિલવેનિયાના ઇન્ડિયનોમાં તેણે સખત પરિશ્રમ કર્યો. કેવું ટૂંકું છતાં અજાયબ સેવાકાર્ય !

તેની રોજનીશી તથા તેના લખાણોનું પ્રકાશન કરવામાં આવે તે તદ્દન

વાજબી હતું. છેલ્લાં ૧૫૦ વર્ષથી એ પુસ્તક આશીર્વાદરૂપ અને ખ્રિસ્તની સમસ્ત મંડળીને પ્રોત્સાહન આપનાર નીવડ્યું છે.

**હેનરી માર્ટિન:** કેમ્બ્રિજ યુનિવર્સિટીનો તેજસ્વી ગણિતશાસ્ત્રી, બધું તજીને મૂર્તિપૂજક લોકો પાસે જવા માટે બ્રેઈનર્ડના જીવનથી પ્રભાવિત થઈ પ્રેરણા પામ્યો હતો. તે કહેતો- "હવે પ્રભુને માટે સળગી જવું." જેમ બ્રેઈનર્ડે પહેલા તેની ડાયરીમાં લખ્યું હતું તેમ- "મારા જીવનના છેલ્લા શ્વાસ સુધી ખ્રિસ્તનું રાજય બાંધવામાં અને દૈવી સેવામાં સતત પ્રકાશતા અગ્નિની જયોત હું બનું તેવી મારી ઝંખના હતી."

**વિલિયમ કેરી:** "ભારતનો પ્રેરિત"-માત્ર તેને પોતાને બ્રેઈનર્ડના જીવનનો પવિત્ર ચેપ લાગ્યો હતો, એટલું જ નહિ, પણ તેના સહકાર્યકરોને પણ સૂચનો આપતો અને અમેરિકાનાં ગાઢાં જંગલોમાં એકાંત સ્થળોમાં પ્રાર્થનામાં યુદ્ધ કરતા બ્રેઈનર્ડ વિષે સતત વિચારવા તેઓને આગ્રહ કરતો.

**ડૉ. એ.જે ગોર્ડન:** નોર્થમ્પટનના કબ્રસ્તાનની તેની મુલાકાત વિષે તે વર્ણવે છે અને જણાવે છે કે ૧૫૦ વર્ષ પૂર્વે જયાં આ દૈવી આત્માના (દૈહિક) અવશેષો મૂકવામાં આવ્યા હતા તે પુનિત જગા મળી આવતાં એ સાદી શીલાપાટ પરથી બરફ ખસેડી એટલા ટૂંકા અને અપ્રસિદ્ધ જીવનની વિશાળ અસરો પર તેણે મનન કર્યું હતું.

પ્રાર્થના માટેની તેની આસ્થા દ્વારા બ્રેઈનર્ડ ઇન્ડિયનોમાં બદલાણ (હૃદયપલટા)ના ચમત્કારો કરી શક્યો હતો. જંગલમાં આઠ દિવસની પ્રાર્થના પછી તે પરાક્રમથી વેષ્ટિત થઇને આવ્યો અને જોકે તેણે દારૂ પીધેલા એક દુભાષિયાની મારફતે ઉપદેશ આપ્યો તોપણ એટલો પવિત્ર આત્મા રેડવામાં આવ્યો કે સંખ્યાબંધ માણસોનાં બદલાણ થયાં હતાં.

બદલાણ પામેલા એ લોકો કઈ જાતના હતા ? તેની ડાયરી પરથી જણાય છે કે તેઓ અગાઉ દારૂડિયા, અજ્ઞાન, જંગલી, વહેમી ચોરી કરનાર અને ખૂની હતા. તેઓ એકાએક અદ્‌ભુત રીતે આધ્યાત્મિક પ્રકાશ પામીને ખરેખર પવિત્ર બન્યા હતા અને પ્રાચીન ખ્રિસ્તીઓ જેવા થયા હતા.

ઈશ્વરીકૃપાના ઉજ્જવળ સાધન સાથે તેની મારફતે ઈશ્વરના વ્યવહારોની આ નોંધની કાયમી અસરનો એક બીજો દાખલો દક્ષિણ આફ્રિકાના પૂજનીય  ડૉ. એન્ડ્રુ મુરેના સેવાકાર્યમાં દેખાય છે. હજારો માણસોની સાથે તે પણ કબૂલ કર છે કે બ્રેઈનર્ડની નોંધપોથી વાંચવાથી તેમને કેટલી બધી પ્રેરણા મળી હતી ! તે જણાવે છે કે મોટા ભાગના ખ્રિસ્તીઓના જીવનમાં પ્રાર્થનાવિહીનતા અને હુંફાળાપણાને આવા માણસોના દાખલા કેવો ઠપકો આપે છે.

દક્ષિણ આફ્રિકાના વેલિંગ્ટનમાં તેમના અભ્યાસખંડમાંથી બારીની બહાર ભૂરા પર્વતો તરફ જોતાં એક વાર તેમણે મને કહ્યું હતું "તેની ડાયરી (રોજનીશી)ની તમારા પર તાત્કાલિક અને વ્યવહારુ અસરો જો તમે ઈચ્છતા હો તો, તેનાં લખાણોમાંથી એકી વખતે ત્રણ પૃષ્ઠ વાંચવા પૂરતાં છે, એમ તમને લાગશે. મને એવું માલૂમ પડયું છે."

મારા અભ્યાસખંડના ટેબલ ઉપર મારા બાઈબલ પાસે મેં તે પુસ્તકમાંથી ઉતારાની એક નાની ચોપડી રાખી છે, અને મૂર્તિપૂજક લોકો માટે બ્રેઈનર્ડની જેમ આગ્રહથી પ્રાર્થના કરવાનો નિર્ણય લીધા વિના મેં તે પુસ્તક કદી પણ હાથમાંથી મૂકયું નથી.

ઈશ્વર માટેની તેની ધગશ, પવિત્રતાને માટે તેની ઉત્કંઠા અને પ્રાર્થના કરવાની તેની ટેવને લીધે તેના વ્યક્તિત્વની ઊંડી છાપ પડે છે તે તરફ ખાસ કરીને આપણું ધ્યાન ખેંચાય છે. આપણે ખૂબ કાળજીપૂર્વક ધ્યાનમાં લઈએ કે પ્રાર્થનાને માટે તે કેટલી બધી વાર એકલો પડતો હતો ! તેની પ્રાર્થનાઓ લંબાણવાળી અને આગ્રહી હતી. જોન ફલેચરની જેમ તેને પણ પ્રાર્થના કરતાં કરતાં પરસેવો વળી જતો અને તેની પ્રાર્થનાઓ મૂસા, દાનિયેલ, હા, આપણા તારનારની પ્રાર્થનાઓની જેમ કેવી ઉપવાસ સાથેની પ્રાર્થનાઓ હતી! તે સતત કહે છે "સંખ્યાબંધ અમર આત્માઓને માટે પ્રાર્થનામાં યુદ્ધ કરવા માટે દેવ મને શક્તિમાન કરતો હતો."

**વૉલ્ટર સરલે**

# ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના

## અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | દાઉદના ભક્તના પસંદીત ભજન...મનન | ૪૦-૦૦ |
| ૨. | પવિત્ર આત્મા વિષે વિચાર | ૫૦-૦૦ |
| ૩. | ક્ષિતિજને પેલે પારથી.... | ૨૦-૦૦ |
| ૪. | જી. ટી. બી. એસ. ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૫. | અનેકમાની આંસુભરી પ્રાર્થના....પરિણામ | ૩૦-૦૦ |
| ૬. | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૭. | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૮. | ડૉ. ઈ. સ્ટેન્લી જોન્સ માનવસંદેશ | ૩૦-૦૦ |
| ૯. | જીવન સાફલ્ય અને મનન | ૬૦-૦૦ |
| ૧૦. | જનસામાન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૧. | બાઈબલનો શબ્દકોશ | ૫૦-૦૦ |
| ૧૨. | જૂનો કરાર અને તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૩. | ઉત્પત્તિનો સંદેશ | ૪૦-૦૦ |
| ૧૪. | વિશ્વવ્યાપી જળપ્રલય | ૩૦-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૭. | જીવન જીવી જાણનારા અપંગો | ૨૦-૦૦ |
| ૧૮. | રાજાનો કેદી દાનિયેલ | ૧૫-૦૦ |
| ૨૯. | ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૨૦. | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૨૧. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૨૨. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૨૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૨૪. | બેનહર | ૩૦-૦૦ |
| ૨૫. | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૬. | ગિરિ પ્રવચન | ૪૦-૦૦ |
| ૨૭. | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૨૮. | કરંથિઓના પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૨૯. | કરંથિઓના બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૩૦. | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩૧. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩૨. | ફિલિપીના પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૩૩. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૩૪. | હિબ્રુઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩૫. | બાઈબલ અભ્યાસ ભાગ-૧ | ૦૬-૦૦ |
| ૪૬. | બાઈબલ અભ્યાસ ભાગ-૨ | ૧૨-૦૦ |
| ૩૭. | બાઈબલ અભ્યાસ ભાગ-૩ | ૨૫-૦૦ |
| ૩૮. | બાઈબલ અભ્યાસ ભાગ-૫ | ૦૪-૦૦ |
| ૩૯. | બાઈબલ અભ્યાસ ભાગ-૬ | ૦૪-૦૦ |
| ૪૦. | બાઈબલ અભ્યાસ ભાગ-૮ | ૧૫-૦૦ |
| ૪૧. | બાઈબલ અભ્યાસ ભાગ-૯ | ૨૦-૦૦ |
| ૪૨. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૦ | ૩૦-૦૦ |
| ૪૩. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૧ | ૧૫-૦૦ |
| ૪૪. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૨ | ૨૦-૦૦ |
| ૪૫. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૪૬. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૪૭. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૪૮. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૫ | ૩૦-૦૦ |
| ૪૯. | સાધુ સુંદરસિંગ ગ્રન્થ | ૧૨૫-૦૦ |
| ૫૦. | પુનરુત્થાનનો, ન્યાયકાળો | ૫૦-૦૦ |
| ૫૧. | દાનીયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન | ૩૫-૦૦ |
| ૫૨. | જોષ જોવાનું પાપ | ૪૦-૦૦ |

મારા આભરીપણાનો અભાવ મને જણાયો કારણ કે હું સંપૂર્ણપણે ઈશ્વરમાં ખૂંપી ગયો નહોતો.

મારે જે જોઈએ છે તે તો માત્ર પવિત્રાઈ, નમ્રતા અને જગત પ્રત્યે હું વધસ્તંભે જડાયેલો બનું એ જ છે.

હું કયાં અને કેવી રીતે રહેતો હતો તેની મને પરવા નહોતી અથવા હું કેવી કેવી મુશ્કેલીઓમાંથી પસાર થતો હતો તેનીયે મને દરકાર નહોતી એ માટે કે હું ખ્રિસ્તને માટે આત્માઓ જીતી શકું .

મારા પોતાના હ્રદયમાં અને અન્યનાં હ્રદયોમાં પણ ઈશ્વરનું રાજ્ય આવે તે કરતાં વધારે હું બીજું કાંઈ ઈચ્છતો નહોતો.


ઈશ્વરની સંગતમાં ગાળેલો એક કલાક એ દુનિયાનાં તમામ સુખચેન કરતાં વધારે છે.

ધન્ય ઈસુ, હું રોજ તને વધુ અને વધુ સોંપાતો જાઉં એવું કર. મારા જીવનની એકેએક પળ હું ઈશ્વરના મહિમાને અર્થે ખરચી શકું તો કેવું સારું !

ઘણી વાર મને એમ લાગે છે કે જાણે મેં સમયનો સદુપયોગ કર્યો નથી તેથી હું દોષિત છું.

# ડેવિડ બ્રેઈનર્ડ

## (અમેરિકાના રેડ ઈન્ડિયનોનો પ્રેરિત)



### લેખકનાં અન્ય પુસ્તકો

(૧) હેનરી માર્ટિન
(૨) અદોનિરામ જડસન
(૩) વિલિયમ કેરી
(૪) સિંકલેર સ્ટીવન્સ
(૫) જેમ્સ હડસન ટેલર
(૬) પરિવર્તન પામેલાં પાત્રો
(૭) દસ આજ્ઞાઓ
(૮) વિશ્વાસ અને કર્યો
(૯) પ્રકાશ દેનાર વચનો
(૧૦) ઈસ્રાએલીઓનો કનાનમાં પ્રવેશ

### અનુવાદ

(૧૧) મહાન ખ્રિસ્તીઓ
(૧૨) વધસ્તંભ
(૧૩) મુસ્લિમ બિરાદરોને સુવાર્તાની સમજૂતી
(૧૪) મુસ્લિમો મધ્યે સાક્ષી આપવા માર્ગદર્શન
(૧૫) ખ્રિસ્તી જીવન
(૧૬) ખ્રિસ્ત અને તેમની મંડળી
(૧૭) યુગોને સારુ ઈશ્વરની યોજના

(ક્રમ નં. ૭ થી ૧૦ નાં પુસ્તકો શાસ્ત્ર-અભ્યાસનાં છે અને ક્રમ નં. ૧૫ થી ૧૭ નાં પુસ્તકો સન્ડે સ્કૂલના મધ્યમ વિભાગના વિદ્યાર્થીઓ માટેનાં છે.